શ્રી

અર્પણ પત્રિકા.

——:०: —

પરમકૃપાલુ–અશરણુશરણુ–ભક્તિમાર્ગપ્રવર્તક
ગીતસંગીતસાગર–સંગીતાદિસદાસક્તઃ
સર્વશાસ્ત્ર વિશારદ

મ્હારા ગુરૂદેવ શ્રીબાલકૃષ્ણલાલજી.

આપે મને આ વિદ્યાનું જ્ઞાન આપી કૃતાર્થ કર્યો છે. આ ગ્રંથ લખવા આપેજ મને કૃપા કરી બુદ્ધી આપેલ તે યાદ કરી આ પ્રેરણા થઇ છે.

આપ સંગીત વિદ્યામાં અત્યંત પ્રેમ ધરનાર સંગીતના ઉત્તેજક હોઈ અહરનીશ સંગીતમાંજ ઓતપ્રોત રહી આપના દીનદાસને પણ તે પ્રસાદી આપી કૃતાર્થ કર્યો છે તે યાદ કરીને આપના સંગીત પરના પ્રેમની તેમ પોતાના દાસને અદેયદાન-દક્ષ નામ સીદ્ધ કરી બતાવ્યું તેની યાદી કરી આપના કર કમલમાં આ નમ્ર વીનંતી મુકવાની રજા લઉં છું

——:०:——



उपोद्घात.

પરમેશ્વર પરમાત્માએ આ સૃષ્ટિમાં અનેક વિષય ઉત્પન્ન કર્યા છે. તેમાં સંગીત એ એક આનંદદાયિ વિષય હોઇ કોઇ પણ સ્ત્રી અથવા પુરૂષ દરેક દેશમાં તેનાથી આનંદ મેળવી શકે છે એટલે મનુષ્ય જાતીને સંગીત સ્વાભાવિક પ્રીય છે. સમગ્ર જગતના મુળ ઉત્પાદક પરમાત્મા પણ સદા બંસી નાદમાં મગ્ન રહે છે. વળી બ્રહ્મા, નારદ, શંકર તેમ અનેક મુનીજન સદા સંગીત મગ્ન હતા. તે શાસ્ત્ર સિદ્ધ છે. ગાયન જેવી એક પણ ચીજ મનુષ્યને આનંદદાયક જણાતી નથી. મનુષ્ય ગમેતેવી ઉદાસીનમાં હોય તોએકાદ તાન કે એકાદ તુક સ્મરણમાં આવતાંજ આનંદમગ્ન થઇ જવાય છે ગાયન વિદ્યાથી ઘણા માનસીક શારિરીક રોગપણ મટયાના દાખલા અનુભવાય છે તેમ ઘણી મહેનત શ્રમ કર્યાથી પણ શ્રમની નિવૃત્તિ થાય છે. તે ઘણા કોળી સતવાના વગેરે મજુર વર્ગ રાત્રિએ એકતારા મંજીરા વગેરેથી ભજન ગાતા થાક નિવૃત્તિ પુર્વક આનંદ મેળવતા આપણે જોયા પ્રાણીમાત્રને ગાયનની જરૂર જણાય છે, અને એટલાજમાટે મહારાજા મોટા શેઠીયા ગવૈયા વગેરેથી મન પ્રસન્ન કરી લે છે. અને વિશ્રામ મેળવે છે કેવળ ઉંઘ લેવી તે ખરો વિશ્રામ નથી પશુ પણ ઉંઘથી વિશ્રામ મેળવે છે પરંતુ મનુષ્ય તો ઉત્તમ વિશ્રામ ગાયનથીજ મેળવે છે પશુ પક્ષીમાં પણ કેટલાકને સંગીત પ્રીય છે ને આપણે જોઇએ છીએ જેવાકે સર્પ મદારી મુરલી વગાડે છે તે વેળા સર્પ ફેણ માંડી આનંદ કરતા આપણે ઘણીવાર જોયું હશે. હરણને પારાધી મુરલીનો નાદ કરી પકડી લેતા આપણે સાંભળ્યું છે. આપણા ભરતખંડમા અનેક ભગવદ અવતાર થયેલા હોઇ સંગીત ઘણુ ઉંચા પ્રકારનું હતું તે ગ્રંથોથી જણાય છે પરંતુ અનેક રાજક્રાંતી તેમ બીજા એવાજ પ્રકારના બનાવથી સંગીત નષ્ટ થઇ ગયુ પરંતુ ક્યાંક ખુણે ખોચરે સંગીત રહેલ ખરૂં તે અરસામાં શ્રી મહાપ્રભુશ્રી વલ્લભાચાર્યે પ્રગટ થઇ ભક્તિ માર્ગનું સ્થાપન કર્યું અને તેમા સંગીત (કીર્તન ભક્તિ) ને મુખ્ય સ્થાન આપ્યું. તેથી સંગીતનો લોપ થતો અટક્યો અને તેમના

સંપ્રદાયના મંદીરોમાં કીરતન ભક્તિ મુખ્ય રાખી રાગ, તાલ, સ્વર, લય, તાન, મુર્છના વીગેરે સંગીતાનુકુલ જે જે બાબતો તે સર્વેનો ઉપયોગ થવાથી તે વિદ્યા જળવાઈ રહી અને ગોવીંદ સ્વામી જેવા કીર્તનકારને તો સંગીત આચાર્ય જેવી પદવી અપાત પરંતુ તેઓ તો ભક્તિ માર્ગમા લીન હોઈ તેવી ઉપાધીમાં નપડતાં મુળ સિદ્ધાંત (સગીત) નો તે જળવાઈ રહ્યો તે શીવાય નંદદાસ, પરમાનંદદાસ, સુરદાસ વીગેરે અષ્ટ સખાએ પણ ઘણા કીર્તનો બનાવી સંગીતમાં ઓર વધારો કર્યો છે તેથી તેમની ગણના ઉસ્તાદ અગર ગવૈયામાં કેમ ન ગણાઇ તેવી શંકાના સમાધાનમાં તેમની વૃત્તિ કેવળ ભગવદ ભજનમાંજ રસમગ્ન હતા તેથી તેવી કોઇ ઉપાધી ગ્રહણ કરવા અવકાશ ન મળ્યો તેમણે તો કેવળ દીનતાથીજ પ્રભુની જે જે લીલા તેમને સ્ફુરાયમાન થતી તેનું વર્ણન કરતા અને ભગવદ ભજન કરતા પરંતુ તેમના ભજન કીરતનમા સ્વાભાવીકજ માધુર્ય તાલ–કાળનાં માપ સ્વરની સંવાદતા એ બધુ સગીત શાસ્ત્રાનુસારજ ગવાઇ જતું તેઓ કોઈ પણ પદ્ધતિથી શીખેલા નહોતા પરંતુ તેમના શુદ્ધ પ્રેમથીજ કેવળ દીન થઇ ગાન કરતા તેથીજ લોક પ્રસિદ્ધમા ગવૈયા તરીકે નહીં આવેલા પરંતુ ગોવીંદ સ્વામી સુરદાસ, પરમાનદસ્વામી, કુભનદાસ, નંદદાસ આદી અષ્ટ સખાના કીરતનનો સમુહ જોતા પદલાલિત્ય, છટા, રસિકતા અપૂર્વજ લાગે છે તેથીજ પુષ્ટિસંપ્રદાયમાં તેમનાં બનાવેલજ કીરતન ગાવાનો ક્રમ છે અને તેથીજ જ્યાં જ્યા મંદીરોમા કીરતન ગવાય છે તે સગીત શાસ્ત્રાનુકુલ રાગ તાલના નીયમ યુક્ત ગવાતા આપણે જોઇએ છીએ હાલના જમાનામા નાટકના ગાયનો ગાવાનો વિશેષ પ્રચાર છે. પરંતુ તેમા રાગની મધુરાઇ, શુદ્ધ સ્વરૂપ, તાલ, કાલનો નિયમ વીગેરે ઘણી ખામી જણાય છે. ઘણી જગ્યાએ શુદ્ધતાથી ગવાતા હશે પરંતુ ઘણો ભાગતો આવોજ નજરે પડે છે તેવા ગાયનોથી આત્માનું કલ્યાણ સાધવું અશક્ય છે. નાટકના ગાયન સ્વરતાલથી કદાચ મળતું હોય પરંતુ તેટલાજથી આત્માનું કલ્યાણ સાધવા પુરતુ તો નથીજ કારણ આમા જેવો ભગવદગુણાનુવાદ કરાય છે તેવા તે ગાયનોમા જણાતો નથી વળી આ સંગીતના મુળ તત્વો સહીત ભગવદગુણાનુવાદ જેટલો આત્માને શ્રેયસ્કર છે તેટલો તેવા સગીતથી નજ હોય તે સ્વાભાવિકજ લાગે છે. રાગના મુળ સ્વરો શુદ્ધતાથી તેના નિયમ પ્રમાણે જો ગવાતા હોય તો ગ્રંથમાં કહેલ ફળ પણ અમુક અંશે પ્રકટ આપે છે તેનો અનુભવ ઘણા જાણકાર બતાવે છે સગીત મુળમાજ આનદ વસ્તુ હોઇ આ ભગવદગુણાનુવાદથી મીશ્રીત થઈ ઓર આનંદ આપે છે. વળી પરમાત્મામાં માહાત્મ્ય જ્ઞાન પૂર્વક અને આ સંસારથી અત્યત વિસ્મૃતિ પૂર્વક ભગવાનમાં સુદ્રઢ સ્નેહવાળી ભક્તિ આ સંગીતથી પ્રપ્ત થાય છે તેથીજ નાટકના ગાયનો કરતા આ કીરતનોને

પ્રથમ સ્થાન અપાયેલ છે. સમગ્ર જગત નાદથીજ ભરેલું છે. કીડીમંકોડી પણ નાદથી વ્યવહાર કરે છે. મધમાખી મધ નાદથી પુલપર બેસી ચુસે છે પૃથ્વી ઉપરના તમામ વાયુ ઝાડ પાંદડાના શબ્દો, સમુદ્રના મોજાના શબ્દો, કોયલ, મોર, પોપટના બોલ, હાથી સીંહના ગંભીર અવાજો, મોટા શહેરોમાં જીનમીલની સીટી તમામ નાદથી વ્યવહાર થાય છે. અને નાદની સત્તાથીજ સર્વ જડચેતન પોતપોતાનું કાર્ય કરી રહેલ છે. વળી સંગીતથી અંતઃકરણ શુદ્ધ થઇ પરમાત્માને મળવા લાયક બનાય છે જે ક્ષણે સંગીતમય અંતઃકરણ થાય છે તે ક્ષણે અંતઃકરણ નીર્મળ બની મલીન વાસના પણ નાશ પામે છે સંગીત એ એક યોગ છે. યોગમાં યમ નીયમ પ્રાણાયમાદી આઠ અંગ જેમ છે તેમ સંગીત કીર્તનકારે પણ યમ નીયમ પાળવા આસનમા પ્રભુ સન્મુખ વીરાસન રાખવું પ્રાણાયમ તરીકે સ્વર જેટલો ટકાવી રખાય તેટલો ખેંચી રાખવો તે અખંડીત સ્વરરાખવો તે અને હરેક ઇંદ્રિયો અને મનનું વલણ બહારના કોઇ પણ વિષયમાં ન રાખતાં કેવળ પ્રભુ (પરમાત્માના) સ્વરૂપમાં પરમાત્માની લીલામાં લઇ જવું તે પ્રત્યાહાર અને સ્પર્શને મરદુતાથી કંઠમાજ રોકી રાખવો તે ધારણા જે રાગ ગાવાનો હોય તેનું અને જે કીરતન ગાવાનું હોય તેના શબ્દથી પરમાત્માની લીલા તથા સ્વરૂપનું ધ્યાન એકાગ્ર ચીતે કરવું તે ધ્યાન અને તે જો ગાનાર સાંભળનાર પરમાત્મા જે એક રૂપ કરે તે સમાધી, આવી સ્થીતી પ્રાપ્ત થતાં પ્રપંચીક દુઃખ, સંસારના ત્રાસ, આધિ, વ્યાધિ, ઉપાધી, શારીરિક, માનસિક રોગ નષ્ટ થતાં અનીર્વચનીય આનંદમાં લીન થવાય છે. પરમાત્માના સ્મરણ કીર્તનથી એક પણ ઉત્તમ સાધન નથી તેવું શાસ્ત્ર સીદ્ધ છે કારણ ભગવાન પોતે આજ્ઞા કરે છે.

नाहंवसामि वैकुंठे. योगिनां हृदये नचः
मद्भक्ता यत्र गायंति तत्र तिष्ठामि नारद

ગીતા ભાગવતમાં અનેક સ્થળે આવા વાકયો છે વળી પ્રભુની કીરતન ભક્તિ રાત્રિને વિષે કરવાથી મન અને મગજના તંતુ અત્યંત વિશ્રાંતી મળવી હોઇ સંશયાત્મક મંડળના તંતુ નાશ પામે છે અને પછી નીદ્રામાં પણ મનની વૃતિ પરમાત્મા સાથે જોડાએલ રહે છે. સંગીતના ઘણા ગ્રંથો હાલ મળી શકે છે. વીશેષ માહીતી મેળવવા તે જોઇ લેવા એજ

આ પુસ્તક લખવાની ઘણા વર્ષથી પ્રેરણા થયેલી તેમ મ્હારા ગુરૂદેવ શ્રી બાલકૃષ્ણલાલ કાકરોલીવાળાની અનુમતિ મળેલી તેમ ઘણા મિત્રો તરફથી પણ વારંવાર કહેવામાં આવતું પરંતુ ઇશ્વર ઇચ્છા નહી કે મારી આળસ કે સંજોગો નહીં પરંતુ બની શકતું નહી હાલ મારા પરમ મિત્ર બળવંતરાય ડાયાભાઇ ધ્રુવ ધંધુકા ઇંગ્લીશ સ્કુલ હેડમાસ્તરની ઘણીજ મદદથી અને તેમના અથાગ શ્રમથી તયાર થઇ શકી. મ્હારૂં તો એક નામ માત્રજ છે પરંતુ તેમની મદદ જો ન હોત તો આ પુસ્તક કરી શકયો ન હોત, તેથી તેમનો આ-ક્ષણે અંતઃકરણ પૂર્વક આભાર માનું છું. આ પુસ્તક કેવળ કીર્તન શીખવાની ઇચ્છા હોય તેને અનુકુલ કરવા અલ્પ પ્રયત્ન છે મારી રાગ સંગીત સબંધી કાંઇ પણ માહીતી નથી તો તેથી આ પુસ્તકમાં દરેક વખતે ભુલ રહેવાનીજ પરંતુ આ અલ્પ પ્રયાસ પ્રભુના નામ સ્મરણ કરવા સર્વને પ્રેરશે એ હેતુથી આવું સાહસ આદર્યું છે.



સંગીત કીર્તન મંજરી.

ગાયન વિદ્યામાં સ્વર અને તાલ આબે મુખ્ય જાણવાની વસ્તુ છે, સ્વર સાત છે. તેની સંજ્ઞાવાચક નામ.

સાત સ્વરો   સા રી ગ. મ. પ. ધ. ની. સા.

ગ્રંથોમાં ખરજ રીખવ ગંધાર આદિ નામ છે. પરંતુ ગાયન વ્યવહારમાં સંજ્ઞાથીજ ઓળખવા જોઈએ,આને એક સપ્તક પણ કહેવાય. હારમોનીયમ અગર દીલરૂબામાં આવી ત્રણ સપ્તક જાણવાની જરૂર. કારણ ગાયન વ્યવહારમાં ત્રણ સપ્તકથી સઘળો વ્યવહાર થાય છે; એક સાવ નીચી, બીજી તેથી ઉંચી,ત્રીજી તેથી પણ ઉંચી, એમ ત્રણ સપ્તક, તે ત્રણે સપ્તક ઓળખવા માટે નીચે મુજબ નીશાની રાખેલી છે.

સા. રી. ગ. મ. પ. ધ ની. \ \ \ \ \ \ \	આ નીચેની સપ્તક એટલે મંદ્ર સપ્તક તેની નીસાની સ્વરની નીંચે \ આમ લીટી કરવી
સા. રી. ગ. મ. પ. ધ. ની.	આં તેથી ઉંચી એટલે સાધારણ સપ્તક આને નીશાની નથી રાખી કારણ નીચેની ને ઉંચાની સપ્તકોની નીશાની કરવાથી જ્યાં નીશાની વગર સ્વર હોય તે વચેની સાધારણ સપ્તકના સ્વર છે. એમ જાણી લેવુ આને મધ્ય સપ્તક પણ કહે છે.
\ \ \ \ \ \ \ સા. રી. ગ. મ. પ. ધ. ની.	આ તેથી ઉંચી એટલે તાર સપ્તક તેની નીશાની સ્વરની ઉપર / આમ ઉપર લીટી કરવી.

ઉપર પ્રમાણે જ્યાં ચીન્હ હોય ત્યાં મંદ્ર મધ્ય કે તાર સપ્તકમાંથી કઈ સપ્તકનો સ્વર છે તે જણાઈ આવશે હવે આ સ્વર ગમે તે ચાવીથી ગણી શકાય, અને ત્યાર બાદ બીજા સ્વર કેવી રીતે નક્કી કરવા તો સા સ્વર ગમે તે ચાવીથી

ગણાય, પછી તે ધોળી હોય કે કાળી, સાની ચાવી આપણે જેને માની તે સા, ત્યાર બાદ બીજી તેની જોડા જોડની ધોળી હોય કે કાળી પરંતુ પાસેની બીજી તે કોમળ રી, પછી અનુક્રમે બીજી તીવ્ર રી, અથવા શુદ્ધ રી, ત્યારપછી જોડાજોડની બીજી કોમળ ગ, તેની પછી શુદ્ધ અથવા તીવ્ર ગ, પછી કોમળ મ, પછીની તીવ્ર મ, ત્યાર પછી પ, પછી કોમળ ધ, તે પછીની તીવ્ર અથવા શુદ્ધ ધ, પછી કોમળ ની, ત્યાર બાદ તીવ્ર અથવા શુદ્ધ ની, તેની પછી સા, આ આ આવ્યો ત્યાથી બીજી સપ્તક શરૂ થઈ.

સાત સ્વરમાં સા. અને પ. તેના બે રૂપ થતા નથી બાકીના પાંચ સ્વરો. રી. ગ. મ ધ. ની. ના બબ્બે રૂપ થાય છે, તેમા પેલો સ્વર તે કોમળ અને બીજો તીવ્ર અથવા શુદ્ધ આવો નીયમ છે. હારમોનીયમમા આ કોમળ તીવ્ર કેવી રીતે તેનું વધારે સ્પષ્ટી કરણ પ્રથમ જ્યાથી સા શરૂ કરી ત્યાથી નીચે પ્રમાણે કળો જાણી લેવી,

સા. રી̆. રી. ગ̆ ગ. મ. મ̑. પ. ધ̆ ધ ની̆ ની સો

ઉપર પ્રમાણે અનુક્રમે સા. પછી કોમળ રી પછી શુદ્ધરી પછી કોમળ ગ. પછી શુદ્ધ ગ. એમ જાણવી તેમા કાળી આવે કે ધોળી તેની કાંઇ અડચણ નહી, પરંતુ જોડા જોડની જ જાણવી.

હવે કોમળ તીવ્રની નીશાની માટે કોમળ સ્વર ઉપર અર્ધ ચંદ્રાકાર ચતો મુકવો અને તીવ્રને નીશાની નહીં કારણ એક નીશાનીથી બીજો નીશાની વગરનો તીવ્ર સમઝીજ લેવાય, હવે ચાલુ સા રી ગ મ. વગાડવામા બધા સ્વર તીવ્ર અથવા શુદ્ધ વપરાય છે. પરંતુ મ, એકજ સ્વર કોમળ લેવાય છે અને જ્યાં મ. તીવ્ર લેવાનો હોય ત્યાં તેને ચીન્હ કરવું પડે. તો મ̑ ઉપર આમ અર્ધ ચંદ્રાકર ઉંધો મુકવાથી તીવ્ર સમજવો જયા તીવ્ર મ. લાગતો હોય ત્યા મ̑ આમ ચીન્હ કરવું.

આ પ્રમાણે કોમળ તીવ્ર અને સપ્તકના ચીન્હ
બરોબર યાદ રહેવા માટે ફરીથી લખીછે.

સ઼ા-રી઼ ગ઼-મ઼-પ઼-ધ઼-ની઼... ....આમ હોય ત્યાં મંદ્ર સપ્તક નીચેના સ્વર જાણવા.

૨ સા-રી-ગ મ-પ ધ ની ....આમ ચીન્હ વગર હોય ત્યા મધ્ય સપ્તક જાણવી

૩ સો-રી-ગે-મે-પે-ધે-નો......આમ ચીન્હ હોય ત્યાં તાર સપ્તક એટલે સઉથી ઉચી સપ્તકના સ્વર જાણવા.

સા-રીઁ ગઁ મઁ પ-ધઁ નીઁ....આમ જે સ્વરને માથા ઉપર અર્ધ ચંદ્રાકાર ચતો હોય ત્યા કોમળ જાણવા અને મે ઉપર અર્ધ ચંદ્રાકાર ઉધો હોય ત્યા તીવ્ર મ જાણવો.

૫ મે આમ હોય ત્યાં મ તીવ્રહોય....સમજવો.

સા-રી-ગ-મ-પ-ધ-ની.......આમ સપ્તક વગાડવામાં બધા સ્વર શુદ્ધ અથવા તીવ્ર વપરાય પરંતુ મ. સ્વર એકલો કોમળ વપરાય છે, કારણ તીવ્ર મ. જ્યારે તેનો પ્રયોગ હોય ત્યારેજ વપરાય છે. બાકી સા રી ગ મ માં કોમળ મ. જ વપરાય છે. એટલે મ. કોમળને નીશાનીની જરૂર નથી.

અભ્યાસ દ્રઢ કરવા તેમ જ્ઞાન વધારવામાં તેમ આંગળાને વિશેશ ચપળતા મળવા માટે નીચે આપેલી સારીગમો અવસ્ય કરવી તે બરાબર વગાડી શકાય ત્યારબાદ રાગના નોટેશન વગાડવા આગળ વધવું.

આરોહ એટલે સા-રી-ગ-મ-પ-ધ ની-સા આમ નીચેથી ઉંચે ચડતા જવું તેમ અવરોહ એટલે સા ની ધ પ-મ-ગ-રી-સા આમ ઉચેથી નીચે આવવું તે શીખનારે પ્રથમ નીચેની સારીગમો બરાબર વગાડવી અને તે સારી રીતે ગાઈ વગાડી શકાય પછીથીજ આગળ વધવું.

આરોહ	અવરોહ
૧ સા-રી-ગ-મ-પ-ધ-ની-સા	૧ સા-ની-ધ-પ-મ-ગ-રી-સા
૨ સાસા-રીરી-ગગ-મમ-પપ-ધધ નીની-સાસા	૨ સાસા-નીની-ધધ-પપ-મમ ગગ-રીરી-સાસા
૩ સાસાસા-રીરીરી-ગગગ આમ દરેક સ્વર ત્રણ ત્રણવાર વગાડવા	૩ સાસાસા-નીનીની-ધધધ આમ દરેક સ્વર ત્રણ ત્રણવાર વગાડવા
૪ સાસાસાસા-રીરીરીરી-ગગગગ આમ દરેક સ્વર ચાર ચાર વાર વગાડવા	૪ સાસાસાસા-નીનીનીની-ધધધધ આમ દરેક સ્વર ચાર ચાર વાર વગાડવા
૫ સારી-રીગ-ગમ-મપ-પધ-ધની નીસા	૫ સાની-નીધ-ધપ-પમ-મગ-ગરી-રીસા
૬ સારીગ-રીગમ-ગમપ-મપધ પધની	૬ સાનીધ-નીધપ-ધપમ-પમગ

ધનીસા	મગરી–ગરીસા
૭ સારીગમ-રીગમપ-ગમપધ-મપધની પધનીસા	૭ સાનીધપ નીધપમ-ધપમગ-પમગરી મગરીસા
૮ સારીગમપ–રીગમપધ–ગમપધની મપધનીસા	૮ સાનીધપમ–નીધપમગ ધપમગરી પમગરીસા
૯ સારીગમપધ-રીગમપધની-ગમપધનીસા	૯ સાનીધપમગ-નીધપમગરી ધપમગરીસા
૧૦ સારીગમપધની–રીગમપધનીસા	૧૦ સાનીધપમગરી-નીધપમગરીસા
૧૧ સાગ-રીમ ગપ-મધ પની-ધસા	૧૧ સાધ-નીપ ધમ-પગ-મરી ગસા
૧૨ સામ રીપ-ગધ-મની-પસા	૧૨ સાપ–નીમ–ધગ–પરી–મસા
૧૩ સાપ–રીધ–ગની–મસા	૧૩ સામ–નીગ–ધરી–પસા

૧૪ સાગરીસા–રીમગરી-ગપમગ મધપમ–પનીધપ–ધસાનીધ } આમાં અવરોહ મીશ્રીત છે.

આટલી સારીગમો ખુબ પાકી કરવી જોઇએ બીજા ગ્રંથોમાં ઘણી છે, તેમાંથી જરૂર જણાતી કરવી બીજી અનેક સારીગમો બુદ્ધીથી કલ્પીને પણ કરવી જોઇએ જેમકે સાગ, અને રીમ, બંને રૂપ ભેગાકરી નવી સારીગમ થઇ શકે જેમકે સાગ-રીમ, રીમગપ, ગપમધ, ઇત્યાદી તેમ માગી, અને બીજો કટકો સારીગ મળી સારી-સારીગ,રીગરીગમ,ગમગમપ, આવીરીતે ઘણી બની શકે વળી સારીસાગ, રીગરીમ આવી રીતે ઘણી રીતે આપણે બનાવી વગાડી શકીએ, તેમાં બુદ્ધી અને ચીતંની સ્થિરતાથી બની શકે તેમ બીજા ગ્રંથોમાં અનેક સારીગમો છપાયેલ છે તે જોઇ વગડાવી તેમ બુદ્ધીથી કાગળ અગર સ્લેટમા નવી નવી બનાવી વગાડવી જોઇએ કારણ તેથી આંગળાને બુદ્ધીનેવધારે ચપળતા મળેછે અને કાનને પણ ઘણી કેળવણી મળે છે તેજ સારીગમો દરેક તાલમાં પછી વગાડવી જોઇએ તેનો દાખલો.

સારીગ–રીગમ–ગમપ–મપધ–પધની–ધનીસા આ સારીગમો તાલમાં ગોઠવવી જોઇએ.

૦ દાદરા તાલમાં ગોઠવીએ તો.

૧ ૨ દાદરો

૧ ૨ ૩ ૪ ૫ ૬ આવી રીતે દાદરા તાલમા ગોઠવતાં દરેક સ્વર

સા–રી–ગ–રી–ગ–મ એક એક માત્રા રાખવો જોઈએ,
ગ–મ–પ–મ–પ–ધ
પ–ધ–ની–ધ–ની–સા

૦ ત્રીતાલ	હવે ત્રીતાલમાં ગોઠવીએ
૧ ૨ ૦ ૩	આવી રીતે ત્રીતાલની પેલી માત્રામાં સારી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮	એમ બે સ્વર અને બીજી માત્રામાં ગ. એક
સારી–ગ–રીગ–મ–ગમ–પ–મપ–ધ	સ્વર એવી રીતે દરેક માત્રા ગોઠવાસે, હવે
પધ–ની–ધની–સા	ધારો કે પેલી માત્રામાં એક સ્વર બોલવો છે. ને બીજી માત્રામા બે સ્વર લેવા છે, તો નીચે મુજબ લખાશે.

૦ ત્રીતાલ	
૧ ૨ ૦ ૩	આવી રીતે સા સ્વર એક માત્રા બોલી
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮	રીગ બે સ્વર એક માત્રા એટલે બીજી
સા–રીગ–રી–ગમ–ગ–મપ–મ–પધ	માત્રામાં બોલવા.
પ–ધની–ધ–નીસા	

આવી રીતે દરેક સારીગમો દરેક તાલમાં ગોઠવી શકાય તે બીજા કાગળ અથવા સલેટ ઉપર લખી વગાડવાનો અભ્યાસ કરવો દરેક તાલમાં સારીગમો કરવાથી રાગ સંબંધી પણ ઘણું જ્ઞાન મળે છે. તેથી અભ્યાસ કરનારે દરેક સારીગમો તથા નવી બનાવીને જુદા જુદા તાલમા પહેલાં કાગળ ઉપર લખી મોઢાથી યાદ કરી વાજા ઉપર વગાડવી તેથી ઘણો અનુભવ મળે છે. તેથી સ્વર અને તાલનું સાથે જ્ઞાન થઈ વાજામા પણ આંગળાથી તાલ વગાડવાની ટેવ પડે છે.

તાલ એટલે બે વસ્તુ ભેગી થતા અવાજ ઉત્પન્ન થાય તે, તે અવાજથી વખતનું માપ કઢાય તેને ગાયન વ્યવહારમા તાલ કહેછે. હાથની ચપટી વગાડી ટચાકો બોલાવીએ તે તાલ દીધો એમ કહેવાય તાલમાં માત્રા જાણવી એ ઘણું અગત્યનું છે માત્રા એટલે શું તો આપણે મોઢાથી એક બોલ્યા તે એક માત્રા થઈ પછી તરત બે બોલ્યા તે બે માત્રા થઇ મતલબ કે સાધારણ રીતે એક બોલતાં જેટલો વખત લાગે તે એક માત્રા ગણાય, ઘડીયાળમા લોલક આમ તેમ ફરે છે ને કટ કટ અવાજ થાય છે તે કટ એટલે એક માત્રા બીજીવાર કટ તે બીજી માત્રા એટલે માત્રાનો સમય એક સેક ડ સાધારણ રીતે ગણાય. એક સેકંડ એટલે એક માત્રા હવે દરેક તાલ અમુક માત્રાનો બનેલો હોય છે અમુક માત્રાના અંતરે તાલ આપી જુદા

જુદા નામ ધારણ કરી તાલ બને છે તેવા તાલ ઘણા છે જેનો પાર પણ નથી પરંતુ આપણે જરૂરીઆત જેટલા તાલનું વર્ણન આપેલું છે

૧ ત્રીતાલ ૨ દાદરો ૩ આડચોતાલ ૪ ધમાર
૫ દીપચંદી ૬ ઝુમરો ૭ ધ્રુપદ અથવા ચોતાલ ૮ ચરચરી
૯ સુરફાગ ૧૦ ચલતી ૧૧ ધીમો ત્રીતાલ ૧૨ પંજાબી ઠેકો
૧૩ તીવરો

—: દરેક તાલ કેટલી માત્રાનો છે તેની યાદી :—

૧	ત્રીતાલ	માત્રા	૮
૨	દાદરો	માત્રા	૬
૩	આડચોતાલ	માત્રા	૧૪
૪	ધમાર	માત્રા	૧૪
૫	દીપચંદી	માત્રા	૧૪
૬	ઝુમરો	માત્રા	૧૪
૭	ધ્રુપદ	માત્રા	૧૨
૮	ચરચરી	માત્રા	૧૦
૯	સુરફાગ	માત્રા	૧૦
૧૦	ચલતી	માત્રા	૮
૧૧	ધીમો ત્રીતાલ	માત્રા	૧૬
૧૨	પંજાબી	માત્રા	૧૬
૧૩	તીવરો	માત્રા	૭

આ પ્રમાણે દરેક તાલની માત્રા જાણ્યા પછી હવે ધારો કે ત્રીતાલમાં આઠ માત્રા છે તે કેવી રીતે ગણવી તેની સમજણ

તાલના બે પ્રકાર એક સમનો તાલ બીજો સાદો તાલ

જે માત્રા ઉપર સમનો તાલ હોય ત્યા તે માત્રા ઉપર આમ ૦ લખવું જોઇએ બનતા સુધી દરેક તાલની પહેલી માત્રા એજ સમ હોય છે. તેથી પેલી માત્રા પેલો તાલ માથા ઉપર ૦ એમ લખવુ અને બાકીના બીજા તાલો જે હોય

તે સાદા કહેવાય તેનો ફક્ત નંબરજ લખાય ખાલીના માટે જે માત્રાએ ખાલી હોય તેના માથા ઉપર મીંડુ મુકવું ખાલી એટલે બન્ને હથેલી ભેગી કરી જે માત્રાએ ખાલી હોય તે માત્રા આવતા હાથ છુટા પાડી નીચે જમીન તરફ લઈ જવો અથવા હાથને છુટો જમીન તરફ ઝુલવો સમ એટલે શું તો ગાનાર વગાડનાર બન્નેને એક જગ્યાએ ભેગા થવુ પડે, ગાયનમા ન્યાસ સ્વર આવે, અને પખાવજમા જે તાલ વાગતો હોય તેનો પેલો તાલ પેલી માત્રા આવે અને ગ નરા ડ સલેમાનજીકુનીદીનશાહજી એન આનંદજુ સ્થગભળનતે જયધ્રાએપ બુબુસશે વંને

અગર ચપટી વગાડે અગર આંખથી ઇસારો કરી આનંદ પ્રદર્શીત કરે તે સમ એટલે પેલી માત્રા પેલા તાલે જ્યાંમીડું લખ્યું હોય ત્યાં અમુક ભાર વધારે દેવાય હવે ત્રીતાલમાં આઠ માત્રા છે. તે કેવી રીતે લખવી તથા ગણવી તો.

૦ તાલ ત્રીતાલ માત્રા ૮

૧ ૨ ૦ ૩

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

આવીરીતે લખવો જોઈએ તેમાં આંઠ માત્રામાં પેલી માત્રા એ સમનો તાલછે ને ત્રીજી અને સાતમી એ સાદો તાલ ૨-૩ છે અને પાંચમી માત્રાએ ખાલી છે તો માત્રા મોઢેથી ગણતા પ્રથમ એક બોલતાજ હાથની ચપટી અગર ટકોરાથી અથવા તાલી મારી આઘાત કરવો પછી તરત બે એમ બોલવું આમાં એક બોલતાં ટકોરો મારી તરત બે બોલવા જોઈએ એક બોલી જરાપણ રોકાવું ન જોઇએ. તેમ બે બોલતાં તાલી મારવી નહીં, પછી તરત ત્રણ બોલતાં ચપટીથી તાલ દઈ ચાર બોલવા પછી તરત પાચ બોલતાં હાથેલી નીચે લઇ જઇ ખાલી દેખાડી છ બોલવા પછી તરત સાત બોલતાં ત્રીજો તાલ દઇ આઠ બોલવા આમ એકથી આઠ ગણતાં પેલી ત્રીજી ને સાતમી માત્રા જ્યારે બોલાય ત્યારે તાલી કે ચપટીથી તાલ દેવો અને પાચમી માત્રા એ ખાલી દેખાડવી, એટલું ખાસ ધ્યાન રાખવાનું કે એક બોલ્યા બાદ બે બોલતાં ને બે બોલ્યા બાદ ત્રણ ચાર પાંચ આમ બધી માત્રા બોલતાં એક માત્રામા વધુ વખત ને બીજીમાં ઓછો. એક બોલતાં જરા રોકઇને બે બોલતાં ઝાઝીવાર રોકાય એમ ન થવુ જોઈએ પરંતુ ઘડીયાળનું લોલક જેમ કટ કટ એમ દરેક સેકડે અવિચ્છિન્ન ચાલ્યાજ કરે છે ને કાઇ સેકંડમા ઓછી વધતી વાર કરતુ નથી તેમ આપણે હાથથી ટકોરા મારતા હોઇએ, ખાલી દેખાડાય પરંતુ મોઢાથી તો એક બે ત્રણ એમ ગણાયાજ જવા જોઇએ. આવી રીતે આઠ માત્રા સુધી ગણુતા એક આવૃત થયું કહેવાય પછી તરત બીજુ આવૃત તેજ પ્રમાણે ગણવું પછી ત્રીજુ એમ જ્યા સુધી ગણાય ત્યા સુધી ગણવું આવૃત નવું શરૂ કરતા પણ વખત વધારે ઓછો ન થાય તે ખાસ ધ્યાનમા રાખવુ સાદો તાલ એટલે સમ ન હોય તે. બધા સાદા તાલ તે તાલ ચપટીથી વગાડવા પરંતુ સમના તાલ પર સાદા તાલ કરતા જરા વધારે જોર દેવું. આ પ્રમાણે દરેક તાલની માત્રા તાલ સમ ખાલી વગેરે લખાય અને મોઢાથી ગણવી જોઈએ.

૦ હવે દરેક તાલમાં માત્રા તાલ ખાલી વગેરે લખીએ છીએ.

૧ ૨ ૦ ૩

૧ ત્રીતાલ ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

०

१ २

२ દાદરો १ २ ३ ४ ५ ६

०

१ २ ३ ४

३ આડચોતાલ-१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४

०

१ २ ३

४ ધમાર १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४

०

१ २ ० ३

५ દીપચદી १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४

०

१ २ ० ३

६ ઝુમરો १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४

०

१ ० २ ० ३ ४

७ ધ્રુપદ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२

०

१ २ ० ३

८ ચર્ચરી(ઝંપ)१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०

०

१ २ ३

९ સુરફાગ १ २ ३ ४ ५ ६ ७ ८ ९ १०

०

१ २ ० ३

१० ચલતી १ २ ३ ४ ५ ६ ७ ८

०

१ २ ० ३

११ ધીમોત્રીતાલ-१ २ ३ ४ ५ ६ ७ ८ ९ १० ११ १२ १३ १४ १५ १६

```
                    ૦
                    ૧         ૨         ૦         ૩
૧૨  પંજાબી ઠેકો ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬
```

```
                    ૦
                    ૧     ૨     ૩
૧૩  તીવરો           ૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
```

દરેક પહેલી માત્રા પર પહેલો તાલ આમા આવેલો છે અને તેના પર ૦ મુકવું તે સમ દેખાડે છે.

ઉપર પ્રમાણે તેર તાલોની માત્રા સંમતાલ સાદો તાલ ખાલી યાદ કરી ગણી જવી પહેલાં ત્રીતાલની માત્રા ગણી, તે પ્રમાણે દરેક તાલની માત્રા મોઢાથી ગણવી અને તાલ દેતા જવો દરેક તાલ ગણતા એટલું ખાસ ધ્યાન રાખવું જોઇએ કે વધુ ઓછી વાર કોઈ માત્રામાં ન થવી જોઈએ. ઘડીયાળની માફક એક સરખા વખતથી માત્રા બોલવી ને તાલ દેવો જોઈએ એક આવૃત પુરું કરી બીજું શરૂ કરતાં પણ રોકાવું ન જોઇ પરંતુ ચાલુજ રહેવુ જોઇએ. પેલુ આવૃત પુરૂ થતા જ બીજાની એક બે ત્રણ ચાર એમ માત્રા ગણાવી શરૂ થવીજ જોઈએ આ પ્રમાણે મોઢાથી માત્રા ગણી તાલ બરાબર દેતા આવડે ત્યારે દોકડ અગર પખાવજ ઉપર મહેનત શરૂ કરવી કોઇ પણ એક દોકડ કે પખાવજમાં શીખવા માટે પ્રથમ જે તાલ હોય તેની માત્રા તાલ ખાલી બરાબર મોઢાથી ગણી પછીથી દોકડ ઉપરના શબ્દો દોકડમા અને ભોરણ ઉપરના શબ્દ ભોરણ ઉપર વગાડવા મહેનત લેવી, દરેક તાલના મુળ બોલજ (શબ્દજ) આપેલા છે કારણ તેથી વધારે જાણવા બીજા ગ્રંથો અગર ઉસ્તાદથી શીખી શકાય, અને આતો ફકત ગાયનમાનો તાલ તેનો કાળ માત્રાનો જે વ્યવહાર છે, તેટલા પૂરતાજ બોલ શીખવા બસ છે, જ્યા જ્યા દોકડ પખાવજના જુદા બોલ હોય ત્યા તે પ્રમાણે લખેલું છે, દોકડમા એક શાહીવાળુ પડું હોય અને મોટુ હોય તેને તબલુ પણ કહેવાય છે, જે જમણા હાથથી બનતા લગી વગાડવુ સારૂ છે

ભોરણુ જે ખોળામા અગર નીચે મુકી ડાબા હાથથી વગાડાય છે અને તેને ભોરણ કહે છે

પખાવજમા દોકડ શાહીવાળું પડું, તથા ભોરણ બન્ને ભેગાજ હોય છે એક જમણી તરફ બીજું ડાબી તરફ એમ ભેગાજ હોય છે તેને પખાવજ કહે છે.

૨

તાલ–ત્રિતાલ.

	૦ ૧				૨		૦		૩	
માત્રા ૮—	૧	૨	૩	૪	૫	૬	૭	૮		

તબલા માટે :—

૦ ૧	૨	૦	૩
નાધિધિન્ના	નાધિધિન્ના	નાતિતિન્ના	નાધિધિન્ના

અથવા

૦ ૧	૨	૦	૩
નાધિન્ના	નાધિન્ના	નાતિન્ના	નાધિન્ના

પખાવજ માટે :—

૩	૦ ૧	૨	૦
કત ધિત	ધિત ધા	કત તિત	તિત તા

તોડા અથવા માન :—

૦	૩	૧ ૦
તરકિટધા	તરકિટધા	તરકિટધા

આ માન મા ખાલીથી શરૂ કરાય છે.

માન એટલે શું ? તો કોઈ તાલ વાગતો હોય, તેમા અમુક એક જાતના શબ્દ હોય, ને ત્રણ વખત ધા આવે, ત્રીજો ધા આવે તે સમના તાલ ઉપર આવે તેવી રીતે એકજ જાતના શબ્દને છેડે ધા આવે તે, સમ ઉપર છેલ્લો ધા આવે તેનું નામ માન આવા ઘણી જાતના માન–તોડા હોય છે, પરંતુ દાખલા તરીકે આ લખેલું છે ત્રીતાલની આઠ માત્રા, તેમા ઉપરના કોઠાની બોલમા નાધિધિંન્ના તેમા ના ની એ માત્રા. ધિની બે અને છેલ્લા નાની બે મળી છ માત્રા, પુરી થઈ ત્યારે તાલના શબ્દની ચોવીસ થઈ તે ત્રીતાલ આઠ માત્રા કરતા ત્રણ ગણી થઈ. આ તોડામા તરકીટધામા તરકિટની ચાર ને ધાની બે મળી છ ત્રણવારમાં ૧૮ માત્રા થઈ તેમા ખાલીથી શરૂ કરતા ૪ બાદીને બાકી રહી ત્રણના તેર માત્રા અને છેલ્લા ધાની બે માત્રા તે બાકી આ રીતના જાય ખાલીથી તરકીટધા એમ ત્રણવાર

શરૂ કરતા તરકીટધા તરકીટધા તરકીટ ત્યા સુધીમા આવૃત પુરૂ થયુ ને ત્રીજો ધા શરૂ થયો ત્યા બીજું આવૃત શરૂ થયું, આ પ્રમાણે દરેક તોડા મ્હોરામા જાણવું ઉપરનો તોડો બમણી લયથી વગાડી તોજ ખાલીથી વગાડાય પરંતુ સરખી લયથી વગાડી તો સમથી વગાડી શકાય કારણ

```
૩          ૧સમ     ૨         ૦
કત ધિત ધિત ધા. કત તિત તિત તા.
તર  કીટ  તર કીટ  ધા  તર  કીટ ધા
૦ ૦ ૦ ૦
ત ર કિ ટ
```

આ ત્રીજી વાર ધા આવ્યો તે બીજા આવૃતની શરૂઆતનો આવ્યો તેથી વગાડવામા તે ધા આવ્યો પછી ધિત શબ્દ ધા બદલે ગયો ને બીજો ધા વગાડવો પછી કત તિતતિત તા વળી તે પ્રમાણે વગાડયા કરવુ, આવી રીતે ૧૬માત્રાનાહીસાબે ૩૨ માત્રાના હીસાબે દુગન તીગન ચોગન વગેરે લય પ્રમાણે જાણવુ જોઇએ તેવા બે ત્રણ ચાર દાખલાથી બતાવીએ

```
મ્હોરો તોડો                                  ૦
૦                    ૩               ૧
ધા ધા      ધિત્તા   કિટધા    ધિત્તા    તિતિકટ    ગદિગન
                                        •
૨            ૦         ૩                ૧
ધા–તિતિકટ    ગદિગનધા–તિતિકત    ગદિધન   ધા
```

આ મ્હોરો ખાલીથી શરૂ કરવાનુ કારણ આખા મ્હોરાની અડતાલીસ માત્રા છે. માટે ત્રીતાલની ૮ માત્રા ૮×૪ ચોગન લયની ૩૨ થઇ તો એક આવૃતમા બત્રીસ અને બીજા આવૃતની સોળ મળીને ૪૮ થાય માટે ખાલીથી શરૂ કરીએ તો સમ ઉપર છેલ્લો ધા આવી મળે પેલા માનના શબ્દમા તિતિકત ગદિગન ધા આમા ધા છે તે ચાર માત્રાનો છે બીજા કટકાનો ધા પણ ચાર માત્રાનો છે. ત્રીજો ધા આવતા તો સમ શરૂ થઈ નવુ આવૃત આવેછે તેથી ખાલીથી ઉપરનો મ્હોરો શરૂ કરતા સમ ઉપર જઇ મળાશે એવી રીતે આગળ ધ્રુપદ તાલમા બીજા તોડા મ્હોરા બતાવ્યા છે. તે આમા વગાડી શકાશે ફકત માત્રા અને સ્થાન ફેરજ કરવું પડે.

તાલ દાદરો

	૦					
	૧			૨		
માત્રા ૬	૧	૨	૩	૪	૫	૬

કોટડીના બોલ

૦	
૧	૨
નાધિન્ના	તાધિન્ના

તાલ આડચોતાલ માત્રા ૧૪

૦													
૧		૨				૩				૪			
૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪

તબલા માટે —

૦						
૧ ૨			૩		૪	
ધિધિના	ડિંત	તિંન્નના	કત	તુન્ના	ધિન્ના	ધિ

ધિન્ના આ બોલમા અઠાવીસ માત્રા સમાયેલ છે

પખાવજ માટે —

૦				
૧	૨	૩		૪
કત	ધિતધા	કત	તિત	તિતતા

આમા ચઉદ માત્રા સમાયેલ છે

માન અથવા તોડો —

									૦
૧	૨		૩			૪			૧
તરકિટ	ધિનકિટ	ધા	તરકિટ	ધિનકિટ	ધા	તરકિટ	ધિનકિટ	ધા	

•

તાલ ધમાર માત્રા ૧૪

૧ ૨ ૩

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૨ ૧૩ ૧૪

પખવાજના બોલઃ—

૦

૧ ૨ ૩

તધિ તધિ તધા તકિત કિતતા

તાલ દીપચંદી માત્રા ૧૪

૦ દીપમદી

૧, ૨ ૦ ૩

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

કોટડીનો બોલ ૦

૩ ૧ ૨ ૦

ધા ગે ધીન ધા તીન ધા ગે તીન તા તીન

---

૦ તાલ ઝુમરો માત્રા ૧૪

૧ ૨ • ૩

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪

૩ ૦ ૧

કોટડીનો બોલ ત્રટ ધિન ધિન ધાગિત્રટ ધીન ધીન

પખવાજ માટે ૨ ૦

ત્રટ ધિન ધિન ધાગિત્રટ તિનતિન

૦

તાલ ધ્રુપદ માત્રા ૧૨

•

૧ ૦ ૨ ૦ ૩ ૪

૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨

```
                    ૦
                    ૧          ૦            ૨       ૦
પખાવજ ઠોકડ માટે ધા  ધિનિનક  તક     ધિનિનક  તક

                                          ૦
                  ૩          ૪            ૧
              ધિનિનક  દધિ  નત  કિટ  ધા
```

આ બોલમાં ચોવીસ માત્રા સમાયેલ છે ધાની બે માત્રા બાકી બધા શબ્દ રસ્વ છે. તેની એક માત્રાના હીસાબે ચોવીસ માત્રા છે અને છેલ્લા ધાથી બીજી આવૃત શરૂ થાયછે. પખાવજ ઠોકડના દરેક શબ્દમાં ઘણા ભાગે ધા અથવા તા વગેરે દીર્ઘ શબ્દની બે માત્રા અને રસ્વની એક એ વ્યવહાર હોય છે, કોઇવાર રસ્વ શબ્દને દીર્ઘ કરવો પડે અને દીર્ઘને રસ્વ કરવો હોય તો ત્યા માત્રાના હીસાબથી માલુમ પડી જવું જોઈએ જેમકે ઉપરના ઝુમરા તાલમાં ધાગિત્રટ તેમાં ધાગિમળી એક માત્રા અને ત્રટ મળી એક માત્રા ગણાય છે તેવી રીતે દરેકતાલની જેટલી માત્રા હોય તે જાણવી અને મ્હોરો.તોડો બોલની માત્રા જાણી જે માત્રાથી શરૂઆત કરીહોય તેથી માલુમ પડી જાય કે આ બમણી લય છે અગર ત્રમણી ચોગુન વગેરે જાણુમાં આવવું જોઈએ ધ્રુપદની બાર માત્રાને ચારગણી લયથી વગાડવાની હોય તો ૧૨×૪=૪૮ માત્રા જોઇએ તો તેવો દાખલો મ્હોરો નંગ ૧.

```
૦
૧           ૦          ૨            ૦          ૩         ૪
ધા તરકિટ ધા તરકિટ ધિત્તા તતધિત તરકિટ નકતર કિટતક ધા કડાન ધા તરકિટ
      ૦
      ૧
ધિનકિટ ધા.
```

મ્હોરો નંગ ૨

```
૦
૧            ૦              ૨             ૦          ૩
ધા  તર  કડાન  ધા તર કડાન  તર કડાન  તર કડાન  ધીત્તા  ધીત

        ૪              ૧
ધીત્તા  ધિધિનત  ટટ ધીનકટ ધા
```

તોડા નંગ ૧

° ૧		૦		૨			૦		
કડાન	ધીત્તા	ધીત્	ધીત્તા	ઘિઘિનત	કટ	ઘિનકટ	ધા	ઘિઘિનત	કટ

૩		૪			° ૧
ઘિનકટ	ધા	ઘિઘિનત	કટ	ઘિનકટ	ધા

તોડા નગ ૨

° ૧		૦		૨		૦	૩
ધાધા	ઘિત્તા	ધાધા	ધીત્તા	તિતકટ	ગદિગન	ધા–તિતકટ	ગદિગન

૪		° ૧
ધા–તિતકટ	ગદિગન	ધા

ઉપરના મ્હોરા નંબર ૧ મા અડતાલીસ માત્રા ચોગુનના હીસાબે માત્રા તાલ ખાલી ગોઠવાણી છે, અને છેલ્લો ધા તે નવુ આવૃત શરૂ થવા માટેનો છે. બીજા મ્હોરામા પણ તેજ પ્રમાણે તોડા નગ ૧ મા તોડા એટલે શુ ? તો એકજ જાતના શબ્દ જેને છેડે ધા હોય તેવા ત્રણ વાર આવી છેલ્લો ધા સમ ઉપર મળતો હોય તેનુ નામ તોડા, તો આમા પહેલીવાર ઘિઘિનતકટ ઘિનકટ ધા આમાં ધા ની બે માત્રા જાણવાની છે પછી બીજી વાર તેવાજ શબ્દને તેમા પણ ધા ની બે માત્રા ત્રીજીવાર ધા આવ્યો તે સમ અને સાથે નવુ આવૃત શરૂ થયુ તોડા નબર ૨ મા તિતકટ ગદિગનધા, તેમા ધાની ચાર માત્રા ગણવાની છે બીજી વાર પણ ધા ની ચાર માત્રા અને ત્રીજી વખતે તો નવુ આવૃત શરૂ થાય છે. આમા ધા ની ચાર માત્રા ગણવા સુધી યાદ ન રહે તો બે વાર ત્યા ધા–ધા આમ બોલવુ એટલે તિનકટ ગદિગન ધા ધા એમ બીજી વાર ને ત્રીજી વાર તો ધા બોલતાજ નવુ આવૃત શરૂ થવાનુ એવી રીતે પણ ચાર માત્રા ગણાય, પરંતુ બનતા સુધી તો એકજ ધા લેવો ઉત્તમ છે, પર તુ ચાર માત્રા બરાબર યાદ ન થતી હોય અને ગુચવણ પડતી હોય તો પ્રથમ બે ધા લેવાની ટેવ પાડી પછીથી ધીરે ધીરે એક ધા રાખવા પ્રયત્ન કરવો

તોડા નબર ૩ આ તોડા અગીયારમી માત્રાથી ઉપાડવો જોઇએ

૦
૪ ૧ ૦ ૨ ૦ ૩
તર કિટાંન ધા. તરકિટ ધિનકિટ ધા-તરકિટાંનધા, તરકિટધિનકિટધા-તરકિટાનધા

૦
૪ ૧
તર કિટ ધિનકિટ ધા

તોડો નંબર ૪

•
૪ ૧ ૦ ૨ ૦ ૩ ૪
તરકિટધા તરકિટધા તરકિટધાં-તરકિટધા તરકિટધાં તરકિટધાં-તરકિટધાં તરકિટધાં

૦
૧
તરકિટધા

આ બન્ને તોડા ચાર ગણી લયના હીસાબે અડતાલીસ માત્રા જોઇ તેર આમા ૫૬ માત્રા સમાણી છે માટે ધ્રુપદની અગીયારમી માત્રા ચોથા તાલથી શરૂ કરતા ૫૬ માત્રા થઇ રહેછે, માટે ત્યાંથી શરૂ કર્યો આ તોડામાં પણ પેલા કટકાનો છેડાનો ધા તે ચાર માત્રાનો અને બીજા કટકાનો ધા પણ ચાર માત્રાનો અને ત્રીજા કટકાનો ધા તે નવુ આવૃત શરૂ થાયછે ઉપર કહયા પ્રમાણે ધા ચાર માત્રાનો લેવો ન ફાવે તો બેવાર ધા ધા એમ લેવું અને માત્રા જાણી શકાયતો એકજ ધા ને ચાર માત્રા આપવી-કારણકે તે વધારે શોભા લાગેછે બંન્ને તોડામાં તે પ્રમાણે છેલો ધા (કટકાના છેડાનો) ધા તેચાર માત્રાનો જાણવો જેમ કે તરકિટા ન ધા તરકિટ ધિનકિટ ધા-આધા ચાર માત્રાનો બીજામા તરકિટ ધા તરકિટધા તરકિટ ધા-આ ચાર માત્રાનો આમ પેલી બીજી વારના કટકાને ચાર ચાર માત્રાને ત્રીજી વારના ધા વેળા તો સમ આવી નવુ આવૃત શરૂ થાય છે.

તોડા નંબર ૫

૨   ૦   ૩   ૪   ૧   ૦

તરકિટ તરકિટ તરકિટ કિટ તધિન તકિટ ધિનકિટ ધા–તરકિટ તરકિટ તરકિટ

૦   ૨   ૦   ૩   ૪   ૧

કિટ તધિન તકિટ ધિનકિટ ધાતરકિટ તરકિટ તરકિટ કિટતધિન તકિટ ધિનકિટધા

આ તોડા ધ્રુપદમાં પાચમી માત્રા બીજા તાલથી શરૂ કરેલ હોઇ કુલ એંશી માત્રાનો છે આમાં પણ પેલા બીજા કટકાના છેલ્લા ધા ની ચાર ચાર માત્રા છે ને છેલ્લો ધા તે નવું આવૃત છે

કોઇપણ મ્હોરો તોડા તેની માત્રાગણી તે કયાથી ઉપાડી તો સમઊપર આવી મલાય તે,સમજી શકાયે આટલા તોડા મ્હોરા ચાલુ વગાડવા જેટલા માની વધારે આપ્યા નથી. આ તોડા મ્હોરો બીજા ગમે તે તાલમા વગાડવા હોય તો તેની રીત

જે તાલમાં વગાડવો હોઅ તેની માત્રા ગણી તોડા મ્હોરાની માત્રા ગણી તેને સ્થાન ફેર કરવાથી વાગી શકે જેમકે ઉપરનો તોડા નં ૧ ને આપણે ત્રીતાલમાં વગાડવો છે. તો ત્રીતાલની આઠ માત્રા છે અને ચાર ગણી લયના હીસાબે ૮=૪ ૩૨ થઇ બાકી તે તોડાની સોળ માત્રા રહી તો ૪×૪=૧૬ ચાર માત્રા ત્રીતાલની લેતા ચોગુનાના હીસાબે સોળ થઇ રહેછે. તેથી ત્રીતાલમા તે તોડા પાચમી માત્રા ખાલીથી શરૂ કરતા સમ ઉપર છેલ્લો ધા આવી મળશે જેમકે

૦   ૩   ૧   ૨

કડાન ધિત્તા ધીત ધીતતા ધિધિનન કટધિન કટધા ધિધિનત

૦   ૦   ૩   ૧

કટધિન કટધા ધિધિનત કટ ધિનકટ ધા

આવી રીતે ત્રીતાલમાં ખાલીથી શરૂ કરતાં સમ ઉપર આવી મળાયું હવે તેજ તોડાને આડા ચોતાલમા વગાડવો હોય તો કયાથી ઉપાડવો ને જોઇએ આડા ચોતાની ૧૪ માત્રા ચાર ગણીના હીસાબે ૧૪×૪=૫૬ જોઈએ તો આ તોડામા

અડતાલીશ છે તેથી આડા ચોતાલની ચારગણી લયની આઠ માત્રા ગયા બાદ શરૂ કરીતો છેલ્લો ધા સમ ઉપર આવે તો આડા ચોતાલમાં બીજો તાલ જે ત્રીજી માત્રા ઉપર છે તે ચોગુનના હીસાબે નવમી માત્રાએ આવ્યો માટે,

૨ ૩ ૪
કડાન ધિત્તા ધીત ધીત્તા ધિધિનતકટ ધિનકટ ધા–ધિધિનતકટ ધિનકટ ધા–

ધિધિનતકટ ધિનકટ ધા.

આડચોતાલ ને સમથી વગાડતાં ત્રીજી માત્રા બીજો તાલ આવતાં આ તોડો સરૂ કરવો જોઈએ તે છેલ્લા ધા આવે તે નવું આવૃત શરૂ થવાનો છે આ પ્રમાણે ચાર ગણી લયથી તે તોડો આડા ચોતાલમાં દાખલ કર્યો પરંતુ બમણી લયથી કર્યો હોય તો ૧૪×૨=૨૮ અઠ્ઠાવીશ માત્રા જોઇએ ઉપરના તોડામાં વીશમાત્રા વધારે છે તો બમણી લયના એક આવૃતમાં આઠ માત્રા ગયા બાદ નવમી માત્રાથી શરૂ કરતાં તે આવૃત અને બીજું આખું આવૃત જતાં છેલ્લો ધા સમ ઉપરમળે બમણી લય એટલે ચાર માત્રા ગયા બાદ પાંચમી માત્રાથી શરૂ કરાય તો આડચોતાલનો બોલ કત ધિત પછી જે ધા આવે છે તે ન લેતા ઉપરનો તોડો બમણી લયથી શરૂ કરવો.

આવી રીતે બધા તોડા મ્હોરા બીજા તાલમાં માત્રા સ્થાન ફેર કરવાથી વગાડી શકાશે અને મોઢાથી માત્રા ગણી હાથે તાલ દઈ યાદ કરી પછી ઠોકડ પખવાજમાં બેસારવા.

તાલ ચર્ચરી માત્રા ૧૦

ૢ ૨ ૦ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

ઠેકાનો બોલ.

ૢ ૨ ૦ ૩
ધિન્ના ધિન ધિન્ના તિન્ના ધિન ધિન્ના

તાલ સુરફાગ માત્રા ૧૦

ૈ ૨ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦

કોઠીનો બોલ

ૈ ૨ ૩
ધિન ત્રટ ધિન્ના ધિન ધિન ધા ત્રટ તુન્ના

તાલ ચલતી માત્રા ૮.

૨ ૦ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮

કોટડીના બોલ.

૦ ૩ ૧ ૨
તક ધી ધા ધી ધિ ધી ધા તીન

તાલ ધીમો ત્રીતાલ માત્રા ૧૬

ૈ ૨ ૦ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

૩ ૈ ૨ ૦
ના ધિન ધિન ના ધિન ના ધિન ધિન્ના

કોટડાનો બોલ નબર ૨

પંજાબી ઠેકા માત્રા ૧૬

ૈ ૨ ૦ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭ ૮ ૯ ૧૦ ૧૧ ૧૨ ૧૩ ૧૪ ૧૫ ૧૬

કોટડીનો બોલ;

ૈ ૦ ૦ ૨ ૦ ૦ ૦ ૦ ૩ ૦ ૦
ધાક ધીક ધી ધાક ધીક ધી તાક તીક તી ધાક ધીક ધી

તાલ તીવરો માત્રા ૭

૧ ૨ ૩
૧ ૨ ૩ ૪ ૫ ૬ ૭
૧ ૨ ૩ ૧ ૨ ૩
ધા દિત્તા ધા ધા દિત્તા ધા દિત્તા કિટતક ગદિગન.

દરેક તાલના ત્રીજા કેલાડ વધારે વગાડવા માટે બોલ અને મ્હોરા તોડા
તાડ આડચોતાલ માત્રા ૧૪ મહોરા

૧ ૨ ૩ ૪ ૧ ૨
ધા કિટ તકિટ તકા કિટ ધુમકિટ ધુમકિટ તકિટ તગ કિટ ધા કિટ તકિટ તકા કિટ
૩ ૪ ૧
તકા ધુમ કિટધુમ કિટતક ગદિગન ધા

તાલ ત્રિતાલ માત્રા ૮ મ્હોરા તોડા

૧ ૨ ૦ ૩ ૧ ૨ ૦
ધા તગકિટ ધા તરકિટ કડાન ધા ધા ધિત્તા નગધર કિટતક ધા—નગધર કિટતક ધા—
૩ ૧
નગધર કિટતક ધા

તાલ ધ્રુપદ માત્રા ૧૨ મ્હોરા

૧ ૦ ૨ ૦ ૩
ધા કિટ તકિટ તકા—કિટ ધુમકિટ તકિટ તગ—કિટ તકિટ તકાકિટ તકાધુમ
૪ ૧
કિટધુમ કિટતકા ગદિગન ધા

દરેક તોડા મ્હોરા કેવી રીતે વગાડવા તેની માહીતી

ધા—આ શબ્દ દોકડ પખાવજની શાહીવાળી પડી ઉપર જમણા હાથથી
પારે આગળીથી થાપ મારવી અને સોરણુ ઉપર ડાબા હાથની હથેળીથી ખુલ્લો

થાપો મારવો, પરંતુ ભોરણ અને શાહીવાળી પડી બંન્નેનો આઘાત સાથેજ થવો જોઈએ.

પ્રથમ દરેક શીખનારે શાહીવાળી પડી ઉપર થાપ મારતાં શીખવું તેમાં શાહી ઉપર ટચલી આંગળી આઘાત કરે અને બાકીના આગળાં તીરકસ વાંકા પડી ઉપર પોલા પડયા રહેવાથી થાપ બોલશે આ પ્રમાણે પાંચ દસ દીવસતો થાપ વગાડવાનીજ ટેવ પાડવી અને શુદ્ધ થાપ બોલે પછી આગળ અભ્યાસ કરવો પખાવજ ઉપર થાપ મારવામાં જમણા હાથના પંજાથીજ અથવા છેલ્લી ટચલી આંગળીનો આઘાત કરી બાકીના આગળા પોલાં ત્યાંજ (પડી ઉપર) પડયા રહેવાથી બોલેછે.

ધિ ધ ધી ગ ગી દ દિઃ—

આ બધા શબ્દો ડાબા હાથથી ભોરણ ઉપર આગળાઓ આઘાત કરી ‹ઇ લેવાથી અથવા પોલો પંઝો પડયો રેવાથી બોલેછે

તાઃ—

આ શબ્દ દોકડ પખાવજ ઉપર એકલી થાપ મારવાથી અગર આગળ ત્રણ જાતની થાપ બતાવાસે તે માહેની નંબર બીજાની થાપ વગાડવાથી બોલે છે.

ત તી તિ.—

આ શબ્દ દોકડ પખાવજની પડી ઉપર શાહીની ઊપર અંગુઠાથી શરૂ કરતાં પહેલી અથવા બીજી એટલે વચલી આગળીથી શાહીને ડબાવી બોલાવાય છે અથવા ભોરણ ઉપર ડાબા હાથથી ચારે આગળે દાબવાથી પણ બોલાવાય છે

ટ ટિ ર

આ દોકડ પખાવજની શાહી ઉપર અંગુઠાથી ત્રીજી એટલે વચલી ત્યા ચોથી આંગળીથી સાડીને ડબાવવાથી બોલે છે

ક કિ કીઃ—

આ શબ્દ ભોરણ ઉપર ડાબે હાથ પોલો પઝો રાખી ચારે આગળાથી ડબાવવાથી આઘાત કરી બોલાવાય છે

ન ના નિઃ—

આ શબ્દ જમણા હાથથી સાહીવાળી પડીના કીનારા ઉપર અંગુઠા પાસેના પેહલી આંગળી મારી આઘાત કરવો. તે એવી રીતે કે શાહી ઉપર ટચલી આંગળી

પોલી ચોટી રહે અને તેની પહેલાની બે આગલી ઉંચી રહે અડધોક ઈંચ ઉંચી રહે અને પેહેલી આગળી કીનારી 'ઉપર (જેને પાંપણ કહેછે.) ત્યાં આઘાત કરે પેહેલી આગળીથી પાપણ ઉપર પછાડવાથી બોલેછે.

આ પ્રમાણે ચાલુ વપરાસના શબ્દો જાણ્યા બાદ વિશેષ જરૂર નહીં રહે આ શબ્દો એક બીજા સાથે મળી આખા તાલના તોડા મ્હોરા બોલ વગેરે બનેછે જેમકે ધા તરકિટ આમાના બધા શબ્દનું વીવેચન થઈ ગયું છે કોઈ શબ્દ બોલવાની સુગમતા માટે વધારે ઓછો કર્યો હોય પરંતુ વગાડવાની રીત તો ઉપર બતાવી તેમાં સમાઈજ જાય છે

૧ થાપ ત્રણ પ્રકારની સમજણ

પેલા નંબરની થાપ જમણા હાથથી શાહીવાલી પડી ઉપર ટચલી આંગળી જે અંગુઠાથી છેલ્લી છે તેનાથી આ ઘાત કરી પોલી શાહી ઉપર અડધી ચહોટી રહે અને તેના પહેલાની બે આગલીએ પાંપણ અને શાહીની વચમાં આઘાત કરી અડધોક ઈંચ ઉંચી લાગી રહે અને પેહેલી આગલી કીનાર જેને (ચાટ) પણ કહેછે તેના ઉપર આઘાત કરી ઉંચી રહી જાય. તે પ્રમાણે પડી ઉપર શાહી ઉપર છેલ્લી આંગલી પોલી પડી રહે બાકીની બધી આગલીઓ ઊંચી રહે

૨

બીજા નંબરની થાપમા જમણા હાથના અંગુઠાથી ચોથી આંગલી શાહી ઉપર વાકી રહી તેના ટેરવાથી આઘાત કરી પોલી ત્યાજ પડી રહે અને તેની ઉપરની બે આગલીમા વચલી (કીનાર) ચાટ અને સાહીની વચેના ભાગને આઘાત કરી અડધોક ઈંચ ઉંચી રહે તેની સાથેજ પેહેલી આગલી કીનારી ઉપર આઘાત કરી તે પણ વચલી સાથે પોલી ઉંચી રહે

૩

આ ત્રીજા નંબરની થાપ સારા બજવૈયા વગાડેછે તે જમણા હાથની હથેલીનો છેડો આખી પડી ઉપર હથેલી પોલી રાખી સાહી ઊપર હથેલીના છેડાથી પોલો અવાજ ઊત્પન્ન કરે આ થાપ ઉત્તમ કહેવાય છે કારણ આખી હથેલીના છેડાથી બોલતી હોઈ આગલા ચારે જુદા બોલ વગાડવામા તરત લઇ સકાય છે તેમ તેનો અવાજ પણ મધુર અને પુરોસ્વર બોલેછે આ ત્રણે થાપનો અભ્યાસ કરવો પ્રથમા બીજા નબરની થાપની ટેવ પાડી પછી પેલા નબરની પછી ત્રીજા નબરની થાપ શીખવી જોઇએ દરેક તાલ વગાડતા પ્રથમ મોઢાથી માત્રા ગણી

હાથે તાલ દેતાં આવડે પછી દોકડ પખાવજના શબ્દો કયાં કયાં વાગેછે તે ચોકસ યાદ કરી આગળ વધવું જોઇએ.

વાદી સ્વર એટલે કોઇ રાગમા જે મુખ્ય ૦ હોય તે આ સ્વર રાગમાં રાજાની પેઠે મુખ્ય હોયછે જે રાગમાં ઘણીવાર આવતો હોય અને જે કાનને પણ ઘણો પ્રીય લાગતો હોય તે વાદી સમજવો જેમ કેદારામા મ. કાન્હારામાં કોમળ ગેં ભૈરવમાં કોમળ ધેં માલકોશમાં મ આ વાદિ હોવાથી તે તે રાગમાં મધુર લાગેછે.

સંવાદી સ્વર—જે રાગમા જે સ્વર વાદી હોય તેનાથી ચોથો અથવા પાચમો સ્વર સ વાદી ગણાય અને વાદીને જેમ રાજાની ઉપમા અપાય છે તેમ સંવાદી પ્રધાન ગણાય જેટલી વાદીની જરૂર તેનાથી અડધી અથવા કાંઇક ઓછી સંવાદી સ્વરની પણ જરૂર ગણાય જો સા સ્વર વાદી હોયતો મ—પ બંન્ને સંવાદી હોઇ શકે રી. વાદી હોયતો પ—ધ સંવાદી ગ. વાદી હોયતો ધ—ની સ વાદી આમા ગ. કોમળ હોયતો નીં પણ કોમળજ હોય જો કોમળ રીંવાદી હોયતો ધેં-કોમળ સંવાદી હોયજ આટલું જાણવાની ખાસ જરૂર.

અનુવાદી:—

જે રાગમા જે સ્વર વાદી સ વાદી હોઅ તેની આસ પાસ ઉપર તથા નીચે આરોહ અવરોહ બંન્નેમા પાછળનો એક સ્વર તથા આગળનો એક સ્વર તે અનુવાદી જાણવા અનુવાદીની ઉપમા રાજા પ્રધાન અને સેવકની બરોબર છે. એટલે અનુવાદી સ્વર પણ પુરતા હોયજ .

વિવાદી:—

જે રાગમાં જે સ્વર વર્જ્ય હોય તે કારણકે તે રાગમા શત્રુની ઉપમાં બરાબર છે. તેથી જે રાગમાં જે સ્વર વર્જે હોય તે આવવો ન જોઇએ.

ન્યાસ

જે રાગમા જે સ્વર ઉપર સમ આવતો હોય અને તે ઘણું કરી વાદી સ્વર ઉપરજ હોય છે. જે વાદી તેજ ન્યાસ એમ ઘણીવાર હોય છે. કદાચ બીજે પણ હોઇ શકે. મુખ્ય સમ જ્યા હોય તેજ ન્યાસ સ્વર કહેવો.

વાદી સ્વરને કેટલાક અંશ સ્વરથી ઓળખેછે પરંતુ મતલબ ઉપરનીજ હોય છે પરંતુ અંશ સ્વરને સંગીત ચીંતામણુ આવી રીતે ઓળખાવે છે
અ સસ્વર

જે વાદી સ્વરની આસપાસ ઘણુ કરી પછવાડેજ વળગેલો રહે તે જેમ માલ કોશ્માં વાદી મ તો કોમલ ઘૅ અંશસ્વર તેની પછવાડે રહેવોજ જોઇ. ભૈરવમાં વાદી કોમલ ધૅ તો પ તેની પછવાડે રહેવો જોઈ કાન્હરામા કોમલ ગૅ તો રી તીવ્ર પછવાડે રહેવો જોઇએ તે પછવાડે રહેનાર સ્વરને અંશસ્વર કહેવો.
ગ્રહસ્વર

જે રાગમાં સા સ્વરનો અલાપ શરૂ કરતાં પછી જે સ્વર ઉપર પહેલુંજ જવું પડે તે ગ્રહસ્વર જેમ ભૈરવમા સાના અલાપ પછી ગ–મ–પ પછી ન્યાસ ધૅ ઉપર તેમાં ગ લીધો તે ગ્રહસ્વર છે.

સાધારણ નીયમ.

૧ જે રાગમા કોઈપણુ બે સ્વર લેવાના કહયા હોય જેમ મ બંન્ને કોમલ તીવ્ર ની બંન્ને ધ બન્ને કોમલ તીવ્ર એમ જ્યા કહેલું હોય ત્યા આરોહમાં તીવ્ર લેવો અને અવરોહમાં કોમલ લેવો આ નીયમ બધી જગ્યાએ જાણવો જેમ સારંગ રાગમા ની બંન્ને લખ્યું છે તો આરોહમા તીવ્ર અને અવરોહમા કોમલ લેવો તે પ્રમાણે દરેદ રાગમાં

૨ જે રાગમાં રીૅ કોમલવાદી હોય ત્યા ધૅ કોમલ સંવાદી જાણવો જ્યાં રી તીવ્ર વાદી હોય ત્યાં ધ તીવ્ર સંવાદી સમજવો જ્યાં ગૅ કોમલવાદી હોય ત્યા નીૅ કોમલ સંવાદી અને જ્યા ગ તીવ્ર વાદી ત્યાં ની સંવાદી તીવ્ર હોવોજ જોઈએ,

૩ જે રાગમા આરોહમા જે સ્વર બાદ હોય અને તે જો લેવો હોય તો તે સ્વર લઈ ત્યાંથી તરત અવરોહ કરી લેવો જેમકે ધ.બાદ છે અને ધ લેવો છે તો સા રી ગ મ પ ધ આમ ધ સુધી જઇ તરત અવરોહ પ મ ગ આમ પાછા ફરીજવું.અને જ્યાં અવરોહમાં જે સ્વર બાદ હોય અને તે જો લેવો હોય તો ત્યાં સુધી જઇ તરત આરોહ કરી લેવો,જેમકે સા ની ધ પ આમ પ સુધી આવી પાછા આરોહ કરવો એટલે પછી ધની આમ તરત લઈ લેવા જોઈ તેમ કરવાથી આરોહ અવરોહમાં,જે સ્વર બાદ હોય તે લઈ શકાશે અને રાગનું સ્વરૂપ પણુ બગડશે નહીં.

૪ ઘણા રાગ એવા પણુ હોય છે કે વાદી સંવાદી નીયમ પ્રમાણે રીૅ કોમલ વાદી હોય ત્યા ધૅ કોમલ સંવાદી હોય છતાં ધૅ કોમલ ન લેતાં તીવ્ર લેવો પડતો હોય તેવા રાગ અગ્ર'બે ત્રણુ રાગ મલી એક બનેલો હોયછે. તે સંયુકત રાગ કહેવાયછે.

રાગના આરોહ અવરોહ સ્વર વખતનું કોષ્ટક.

રાગ નો નંબર	રાગનું નામ.	આરોહ	ગ્રહ ન્યાસ વાદી સંવાદી.	અવરોહ.	વખત ઋતુ અથ સમયમા કયો સમય.
૧	ભૈરવ	સા ગ મ પ ધ સા આરોહ રી ની વર્જ અવરોહ રીં ધં કોમળ	વાદી ધ સવાદી રીં ગ્રહ ગ ન્યાસ ધં પ	સા ની ધં પ મ ગ રી સા	પ્રાત કાળ મંગળા સમય ગ્રીષ્મ ઋતુ વિષેસે
૨	ભૈરવી	સા રીં ગં મં પ ધં નીં રીં ગં મ ધ નીં કોમળ બધા સ્વર	ગ્રહ ગં સા વા ધં સં રી ગં ન્યાસ પ સા	સા નીં ધં પ મ ગં રીં સા	સવારમાં સર્વ ઋતુ આપણા ઘરરમાં વજે છે
૩	બીભાસ	સા રી ગ પ ધ સા મ ની વર્જ સર્વ શુદ્ધ	ગ્રહ ગ વાદી ધ સંવાદી ગ રી ન્યાસ પ	સા ધ પ ગ રી સા	સુર્યોદય પહેલાં મંગળા સમય ગ્રીષ્મ ઋતુ
૪	રામકલી	આ રીં ગ મ પ ધં ની સા રીં ધં કોમળ આ રોહમાં ગ ની બાદ પણ મનાય છે	ગ્રહ ગ વાદી ધ સંવાદી ગ ન્યાસ સા પ	સા ની ધં પ મ ગ રી સા	” ”

૫	દેવગંધાર	સા રીઁ ગ મ પ ધઁ ની સા	ગ્રહ સ્વર ગ વાદી ધઁ સંવાદી રીઁ ન્યાસ પ સા	આગગમાં આરોહ અવરોહ ભૈરવ આસાવરી થી સંયુક્ત છે.	સુર્યોદય પહેલાં મંગળ સમયા સમય ગીષ્મ રૂતુ વિશેસે
૬	આશાવરી ...	સા રીઁ મ પ ધઁ સા આરોહમાં ગ ની વર્જ ધઁ ની કોમળ	ગ્રહ રી વાદી ધઁ સંવાદી રી ન્યાસ ધઁ સા	સા નીઁ ધઁ પ મ ગ રી સા રી કોમળ પણ લેવાય છે	શીતકાળ હીમત શીશીર રૂતુ શ્રીગાર સમય રાજભોગ
૭	ધનાશ્રી	સા ગઁ મ ગ નીઁ સા આરોહમાં રી ધ વર્જ ગઁ નીઁ કોમળ	ગ્રહ નીઁ વાદી ગઁ સંવાદી નીઁ ન્યાસ પ સા	સા નીઁ ધ પ મ ગઁ રી સા કોઇ ધ તીવ્ર પણ લે છે નીશુધ્ધ આરોહમા લેવાય ?	” ”
૮	જેતશ્રી	સા રીઁ ગ મ પ ધઁ ની સા	ગ્રહ સા ગ વાદી સા સંવાદી પ ન્યાસ પ ધઁ	સા નીઁ ધઁ પ મ ગઁ રીઁ સા	હીંડાળા ફાગણમાં
૯	સારંગ	સા રી મ પ ની સા ગ ધ વર્જ આરોહમા તીવ્રની	સા ગ્રહ વાદી પ સંવાદી રી ન્યાસ સા પ	સા નીઁ પ મ રી સા	ગીષ્મ રૂતુ રાજ ભોગ ભોગ—સમય.

૧૦	માલકોસ	સા ગૅ મૅ ધૅ નીં સા રી પ વર્જ ગૅ મ ધૅ નીં કોમળ	ગ્રહ સા વાદી ગ સંવાદી નીં ન્યાસા મ સા	સા નીં ધ મ ગૅ સા	શરદ શીશીર રૂતુ પરો ઢીયે અંશ ગ ચાર વાગે મંગળા શ્રંગાર સમે.
૧૧	નુકસારંગ	સા રી ગૅ મ પ નીં સા આરોહમાં ધ બાદ	ગ્રહ પ નીં વા ગ સવાદી નીં ન્યાસા પ સા	સા નીં પ મ ગૅ રી સા અવરોહમાં કદાચ ધૅ કોમળ લેવાય છે રી સ્વર પ્રબળ છે	ઉષ્ણકાળ રાજભોગ સમય બપોરના બારથી ત્રણ
૧૨	વૃંદાવની સારંગ.	સા રી મ પ ની સા ગૅ કોમળ કવચીત લેવો	ગ્રહ મ વાદી રી સંવાદી પ ન્યાસ રી પ સા	સા નીં સા પ મ રી સા	ફાગણ માસ
૧૩	બીલાવલ ...	સા ગ પ ધ ની સા આરોહે મ રીં વર્જની બંન્ને	ગ્રહ ગ વાદી સા સવાદી પ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા અવરોહમાં કવચીત ની વર્જ	ગીષ્મરૂતુ શીંગારસમય સ્વારના આઠથી દસ
૧૪	તોડી	સા રીં ગ મૅ પ ધ ની સા રીં ગૅ ધૅ કોમળ મે વીવૃ	ગ્રહ ધૅ વાદી ગૅ સવાદી ધૅ ન્યાસ ગૅ ધૅ	સા નીં ધૅ પ મે ગ રીં સા	શીતકાળ શીશીર હીમતરૂતુ શ્રૃંગાર રજભોગ સવારના ૭ થી આઠ વાગ

૧૫	લાચારી તોડી....	સા રા મ પ ધૅ ની મા ની બંન્ને રી કવચીતતીવ્ર	ગ્રહ રીં વાદી ધૅ સંવાદી રીં ન્યાસ ધૅ	સા ના ધૅ પ મ રીં સા	સ્વાર શીતળકાળ શ્રંગાર રાજભોગ
૧૬	નટ	સા રી ગ મ પ ધ ની સા		અતિ સ ચુકત	ઉત્થાપન સમય બપારના ત્રણથી રાતના દસથી બાર
૧૭	પૂર્વિ	સા રીં ગ મે પ ધૅ ની સા રીં ધ કોમળ મે તીવ્ર ધ કવચીત	ગ્રહ સા ની વાદી ગ સ વાદી પ ની ન્યાસ પ	સા ના ધૅ પ મે ગ રીં સા ધ કવચીત શુદ્ધ	ભોગ સમય બપોરના ચારથી છ વગતા ગ્રીષ્મ.
૧૮	ગોરી ...	સા રીં મ પ ધૅ ની સો	ગ્રહ મ વા ધૅ સ વાદી રીં ન્યાસ સા પ	સા ની ધૅ પ મે ગ રીં સા	
૧૯	લલીત	સા રીં ગ મ ધૅ ની સા પ વર્જ પ ખુબી રીં ધૅ કોમળ ખાતર લેવાય	ગ્રહ સા ની વા મ સ વાદી ની ન્યાસ મ સા	સા ની ધ મ ગ રીં સા આ રોહે મ ધ નો લાગ	હીમત શીશીર ઋતુમા સંગાર સમે

૨૦	ગોડ સારંગ ...	નિ સા ગ રી મ ગ પ ધ મ ગ ગ મ રી મ ગ પદિસા મ બન્ને	ગ્રહ ની વાદી ગ સંવાદી ની ન્યાસ સા પ	અતિ સયુક્ત	રાજભોગ સમય
૨૧	કાન્હરો ...	સા રી ગૅ મ ધ પ ની સા ગૅ નીં કોમળ	ગ્રહ સા રી વાદી ગૅ સ વાદી નીં ન્યાસ ગૅ સા પ	સા નીં ધ પ મ ગૅ રી સા	શીત કાળમાં સેનભોગ સમય શરદના અંતમા
૨૨	વાઘેશ્રી કાન્હરો ...	સા રી ગૅ મ ધ નીં સા ગૅ નીં કોમળ પ વર્જીત	ગ્રહ મ વાદી ગૅ સંવાદી નીં ન્યાસ ગૅ સા	સા નીં ધ મ ગૅ રી સા	સેન સમય
૨૩	નાયકી કાન્હરો	સા રી ગૅ મ પ ધ નીં સા	ગ્રહ મ વાદી ગૅ સવાદી નીં ન્યાસ પ સા	સા નીં ધ પ મ ગૅ રી સા	સેન સમય
૨૪	અડાના કાન્હરો	સા રી મ પ ની સા ગ ધ વર્જીત આરોહે	ગ્રહ સા વાદી ગૅ સંવાદી નીં ન્યાસ સા પ ગૅ	સા નીં ધ પ મ ગૅ રી સા	ગ્રીષ્મ રૂતુ સેન ભોગ સમય શરદના અંતમાં

૨૫	ઈમન કલ્યાણ ...	સા રી ગ મી પ ધ ની સા	ગ્રહ સા પ વાદી	સા ની ધ પ મી ગ રી સા	ગ્રીષ્મ રૂતુ સેનભોગ રાત્રે સાતથી દશ
૨૬	કલ્યાણ ...	સા રી ગ પ ધ ની સા	ગ્રહ સા વાદી ગ સંવાદી ની ન્યાસ પ સા	સા ની ધ પ ગ રી સા	સેન ભોગ રાત્રે દસ સુધી
૨૭	શ્યામ કલ્યાણ	સા રી ગ પ ધ સા કવચીત મ કોમલ લેવાય છે	ગ્રહ રી વાદી ગ સંવાદી ધ ન્યાસ ધ સાં	સા ધ પ ગ રી સા	સેનભોગ રાત્રે બાર સુધી
૨૮	કેદાર ...	સા રી મ પ ધ સા આરોહમાં ગ ની વર્જ મ બન્ને	ગ્રહ સા વાદી મ સંવાદી ધ ન્યાસ મ સાં	સા નીં ધ પ મ ગ રી સા અવરોહમાં ગ ની અલ્પ	સેન સમય રાત્રે બાર વાગ્યાસુધી શરદના અંતમાં
૨૯	બીહાગ	સા ગ મ પ ની સાં આરોહમાં રી ધ વર્જ મ બન્ને પણ લેવાય	ગ્રહ સા વાદી ગ સંવાદી ધ ની ન્યાસ સાં પ	સા નીં ધ પ મ ગ રી સા	સેન સમય રાત્રીના બાર સુધી

૩૦	ખમાચ	.... સા ગ મ પ ધ નીં સા આરોહમાં રી વર્જ ની બન્ને પ અલ્પ	ગ્રહ ગ વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા	વર્ષા ઋતુ હંમેશાં રાત્રે સેન સમય
૩૧	હોરી	.... સા રી ગૅ મ પ ધ ની સા ની બન્ને	સા ગ્રહ વાદી પ ગૅ સંવાદી નીં રી ન્યાસ પ સા	સા નીં ધ પ મ ગૅ રી સા	ફાગણ માસમાં આઠે સમય
૩૨	કાફી	.... નંબર ૩૧ હોરી પ્રમાણે સ્વર	,,	,,	,,
૩૩	હીંડોળ	.... સા ગ મ મિ ધ ની સાં રી પ બાદ મિ તીવ્ર	ગ્રહ સા વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા ની ધ મિ ગ સા	વાર્ષા ઋતુ વસંત ઋતુ
૩૪	મલ્હાર	.... સા રી ગ મ પ ધ ની સાં	ની ગ્રહ વાદી પ રી સંવાદી. ધ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા કવચીત તાર સપ્તકમાં ગૅ કોમળ	વર્ષા ઋતુ આખો દીવસ

૨૫	ઇમન કલ્યાણ ...	સા રી ગ મે પ ધ ની સા	ગ્રહ સા પ વાદી	સા ની ધ પ મે ગ રી સા	ગ્રીષ્મ રૂતુ સેનભોગ રાત્રે સાતથી દશ
૨૬	કલ્યાણ ...	સા રી ગ પ ધ ની સા	ગ્રહ સા વાદી ગ સંવાદી ની ન્યાસ પ સા	સા ની ધ પ ગ રી સા	સેન ભોગ રાત્રે દશ સુધી
૨૭	શ્યામ કલ્યાણ	સા રી ગ પ ધ સા કવચીત મ કોમલ લેવાય છે	ગ્રહ રી વાદી ગ સંવાદી ધ ન્યાસ ધ સાં	સા ધ પ ગ રી સા	સેનભોગ રાત્રે બાર સુધી
૨૮	કેદાર ...	સા રી મ પ ધ સા આરોહમાં ગ ની વર્જ્ય મ બન્ને	ગ્રહ સા વાદી મ સંવાદી ધ ન્યાસ મ સાં	સા નીં ધ પ મ ગ રી સા અવરોહમાં ગ ની અલ્પ	સેન સમય રાત્રે બાર વાગ્યાસુધી શરદના અંતમાં
૨૯	બીહાગ	સા ગ મ પ ની સાં આરોહમાં રી ધ વર્જ્ય મ બન્ને પણ લેવાય	ગ્રહ સા વાદી ગ સંવાદી ધ ની ન્યાસ સાં પ	સા નીં ધ પ મ ગ રી સા	સેન સમય રાત્રીના બાર સુધી

૩૦	ખમાચ	સા ગ મ પ ધ નીં સા આરોહમાં રી વર્જ ની બન્ને પ અલ્પ	ગ્રહ ગ વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા	વર્ષા રૂતુ હંમેશાં રાત્રે સેન સમય
૩૧	હોરી	સા રી ગઁ મ પ ધ ની સા ની બન્ને	સા ગ્રહ વાદી પ ગઁ સંવાદી નીં રી ન્યાસ પ સા	સા નીં ધ પ મ ગઁ રી સા	ફાગણ માસમાં આઠે સમય
૩૨	કાફી	નંબર ૩૧ હોરી પ્રમાણે સ્વર	,,	,,	,,
૩૩	હીંડોળ	સા ગ મ મિ ધ ની સાં રી પ બાદ મિ તીવ્ર	ગ્રહ સા વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા ની ધ મિ ગ સા	વાર્ષા રૂતુ વસંત રૂતુ
૩૪	મલ્હાર	સા રી ગ મ પ ધ ની સાં	ની ગ્રહ વાદી પ રી સંવાદી ધ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા કવચીત તાર સપ્તકમાં ગઁ કોમળ	વર્ષા રૂતુ આખો દીવસ

૩૫	ગોડ મલ્હાર .	સા રી ગ મ પ ધ ની સા આરોહમા ગ ની અલ્પ	મ ની ગ્રહ વાદી પ રી સ વાદી ધ ન્યાસ સા પ	સા ની ધ પ મ ગ રી સા અતિ સંયુક્ત	વર્ષા ઋતુ આખો દીવસ
૩૬	સોહણી	સા રી ગ મ ધ ની સા પ વર્જ રી ધ કોમળ ધ બન્ને પણ લેવાય	ગ્રહ સા ગ વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા ની ધ મ ગ રી સા	રાત્રીના ત્રીજા પહોર
૩૭	પીલુ ..	સા રી ગ મ પ ધ ની સા ગ ધ કોમળ	ગ્રહ પ ની વાદી ગ સંવાદી ધ ન્યાસ સા	સા ની ધ પ મ ગ રી સા	રાત્રીના બાર પછી
૩૮	કાલીંગડો	સા રી ગ મ પ ધ ની સા રી ધ કોમળ	ગ્રહ ની વાદી ગ સ વાદી ધ ન્યાસ મ સા	સા ની ધ પ મ ગ રી સા	સવારના શ્રંગાર મંગળા સમે
૩૯	હમીર કલ્યાણ	સા રી ગ મ ધ ની સ મ બન્ને આરોહમા પ વર્જ	ગ્રહ ગ વાદી ધ સ વાદી ગ રી ન્યાસ ધ સા	સા ની ધ પ મ ગ રી સા	ગ્રીષ્મના અંતમાં સંધ્યા સેન સમે

૪૦	શાયસો	સા રી ગૅ મ પ ધૅ નીં સા	આસાવરીપ્રમાણે આરોહમાં કાન્હરા પ્રમાણે અવરોહમાં	સા નીં ધૅ પ મ ગૅ રી સા	ફાગણ માસમાં રાત્રીના બાર સુધી વસંત રૂતુ વર્ષા રૂતુ
૪૧	સોરઠ ...	સા રી મ પ ની સા આરોહ ગ ધ વર્જ્ય ની બન્ને	ગ્રહ રી સા વાદી રી સંવાદી પ ન્યાસ સા	સા નીં ધ પ મ ગ રી સા	ગ્રીષ્મ રૂતુના અંતે જેઠ શુદ ૧૫ થી વદ ૦)) સુધી વર્ષાનો આગમ
૪૨	વસંત	સા રીં ગ મ ધૅ ની સા આરોહ પ વર્જ્ય રી ધ કોમળ	ગ્રહ સા વાદી મ સંવાદી સા ન્યાસ સા	સા ની ધ પ મ ગ રીં સા	વસંત રૂતુ આઠે સમય
૪૩	જયજયવંતી ...	સા રી મ પ ની સા	અતિ સંયુક્ત	,,	વર્ષારૂતુ
૪૪	શ્યાનો કાન્હરો	સા રી ગૅ મ પ ધ નીં સા	ગ્રહ મ વાદી ગૅ સંવાદી નીં ન્યાસ સા	સા નીં ધ પ મ ગૅ રી સા	સેન સમય રાત્રે દશ સુધી

૪૫	મારૂ ...	સા રીં ગ મ પ ધં ની સા ધ બન્ને		સા ની ધ પ મ ગ રીં સા અતિ સંયુક્ત	શરદના આરંભે .... વર્ષાઋતુ રાત્રીના દશા સુધી
૪૬	માલન	સા રી ગ પ ધ સા		સા ધ પ મ ગ રી સા	સંધ્ઇ ઋતુ વર્ષામા

રાગ આવા સંબંધી કેટલીક જાણવા જેવી માહીતી.

૧ રાગ ભૈરવમા પ્રથમ અલાપ કરવાની રીત પ્રમાણે અલાપ શરૂ કરતા ગંધાર ઉપર જઈ મ પ સ્વર લઇ ધૈ ઉપર ઝુમ દેવા આવવું જોઇએ. આ રાગમાં ની સ્વર કવચીતજ લેવાયછે. તેમ ધૈ કોમળ ઉપર કંપ દેવાથી વીશેષ સ્વરૂપ પ્રકાશે છે. આરોહમા રીં લેવાનો નથી અવરોહમા સવાદીના ન્યાયે કંપ રી ઉપર પણ આવે છે ટીપના ગ સ્વર સુધી ગતી કરવાથી ઉતમ લાગે છે ગ્રીષ્મ ઋતુમા પરોઢીયે ગાવાથી આનંદ થાય છે.

૨ ભૈરવી આ રાગ સવારના ગાવો વીશેષ ઉતમ છે. આરોહમા કવચીત શુદ્ધ ની પણ લેવાય છે મ બન્ને પણ લેવાય છે આરોહ અવરોહમા ગ ધ ઘણા આવે છે રીં ધૈ કોમળ ઉપર કંપ લેવાય છે આની ત્રણે સપ્તકમા ગતી કરવાથી ઉત્તમ લાગે છે

૩ બીભાસ—આ રાગ સવારમા પરોઢીયે જ્યારે દીવાબતી તેલ ખુટી ઓલાવવાની તૈયારીમાં હોય છે ત્યારે વિશેષ પ્રકાશે છે, ગ ધ ઉપર કંપ લેવાયછે

૪ આશાવરી—આ રાગમા રીં કોમળ પણ લેછે, પરંતુ શુદ્ધ રી ઉત્તમ લાગે છે કવચીત તીવ્ર ની પણ લેવાય. આરોહમા ગ સ્વર બાદ છે અવરોહમા મ કમ લેવાય છે, સવારનો ગાવો નીત્ય ઉત્તમ છે, શીતકાલમા વીશેષ ઉત્તમ લાગે છે ધૈ કોમળ ઉપર કંપ રહેલો છે, ટીપ સપ્તકમા પ સુધી જવાથી ઉત્તમ લાગે છે

૫ ધન્યાશ્રી—આરોહમા રી ધ બાદ છે, ની બન્ને આવે છે, સવારના દશ વાગ્યા સુધી ઉત્તમ લાગે છે શીશીર ઋતુ ઉત્તમ છે ની સા ગૅ મ પ એટલા સ્વરમાજ ખરૂં રૂપ પ્રકાશે છે ટીપ સ્વરના પ સુધી જવાય છે

૬ સારંગ—આ રાગમા ગ ધ બાદ છે અને ની બન્ને આવે છે, રી સ્વર ઉપર કંપ લેવાય છે તેમ મ પ ઉપર પણ કંપ લેવાય ગ્રીષ્મ ઋતુમા વધારે પ્રકાશ પામે છે, પથ્થરનું પાણી થઇ જાય એટલી શીતળતા ધરાવે છે ટીપ—સ્વરમા પ સુધી જઇ શકાય છે

૭ માલકોશ—આ રાગમા બધા સ્વર કોમળ આવે છે રી પ બાદ છે આમા કોમળ ગંધાર અને કોમળ મ ની ગાઠ બંધાએલ છે, તેથી બહુ આનંદ આપે છે. આરોહમા મ સ્વર ઉપર કંપ છે અને અવરોહમાં કોમળ ગંધાર ઉપર કંપ લેવાય છે શીશીર ઋતુ હીમત ઉતમ. વધારે સારો લાગે છે ટીપ—સ્વરમા મ સુધી અને મંદ્ર સપ્તકમા કોમળ ધૈ સુધી ગતી છે. કોશને જોડેલા બળધ એની મેળે ચાલવા મંડી જાય એવો એના ગાવાનો પ્રભાવ વર્ણન કરેલ છે

૮ બીલાવલ-આ રાગમા ની બન્ને છે આરોહમાં રી બાદ છે, અને અવરોહમાં અલ્પ છે. આરોહમા મ પણ અલ્પ છે, ગ સ્વર ઉપર કંપ લેવાય છે, નીં ધ ગ મ ગ રી તાન વારંવાર આવે છે અવરોહમાં ટીપ-સપ્તકમા સાધારણ ગે સુધી અને તેથી વધીને પે સુધી જવાય છે. ઉષ્ણુ કાલમાં વધુ રૂપાળો લાગે છે.

૯ તોડી-આ રાગમાં રીં ધં કોમળ છે; અને મી તીવ્ર છે. કવચીત અવરોહમાં ની કોમળ પણ લેછે આરોહમાં રી બાદ છે, અવરોહમા મી કવચીન લેવાય છે. ટીપ-સ્વરમા ગૅ સુધી ગતી અને મંદ્ર સપ્તકમા કોમળ ધં થી ગતી કરાય છે. કોમળ ધં ઉપર કંપ લેવાય છે, શીશીર હીમંત રૂતુમાં ઉત્તમ લાગે છે.

૧૦ નટ-આ રાગમા અવરોહમાં ની કવચીત લેવાય છે ની બન્ને લેવાય છે નીં ધ પ આમ સમ નીં કોમળ ઉપર બતાવી ધ પ ઉપર આવી પાછા રી ગ મ પ આ સ્વરો લેવાથી ખરૂં સ્વરૂપ દેખાય છે ગ્રીષ્મ રૂતુમાં શરદ શીશીર હીમંતમાં બપોર ત્રણથી પાચ સુધી ગાવાની મજા છે તેમ રાત્રીના બાર સુધી પણ ગવાય છે ટીપ-સપ્તકમા રીે ગે સુધી ગતી છે, પ રી ઉપર કંપ લાગે છે.

૧૧ પૂર્વી-આ રાગમા રીં ધં કોમળ છે, કવચીત ધ તીવ્ર પણ લે છે, અને મે તીવ્ર છે તાર (ટીપ) સપ્તકમા પે અને સાધારણ ગે સુધી ગતી છે. મંદ્ર સપ્તકના ની થી ગતી કરાય છે. શરદના અતે શીશીર હીમંત ગ્રીષ્મમાં બપોરના ત્રણથી પાચ સુધી સારી લાગે છે ગ અને પ ઉપર કંપ લાગે છે.

૧૨ ગૌરી-આ રાગમાં રીં ધં કોમળ છે. આરોહમા ગ મ કવચીન છે, અવરોહમા મી તીવ્ર વપરાય. સા રી પ ધં આમ બોલવામાં સ્વરૂપ જણાય છે. ટીપ (તાર) સપ્તકમાં સાધારણ રીે અને વીશેષ પે ધં સુધી જવાથી ઉત્તમ લાગે છે. દરેક રૂતુમા સાંજના છ સુધી શોભે છે. ધં કોમળ ઉપર કંપ લાગે છે.

૧૩ લલીત-આ રાગમાં પ વર્જીત છે છતાં શોભા ખાતર નીયમ અનુસાર લેવાથી સારો લાગે છે, આરોહમાં રીં કવચીત અવરોહમાં પણ કવચીતજ છે. આરોહમા ની પણ કવચીતજ છે, મ બન્ને લેવાય છે, આરોહમા મ ધ નો લાગ લેવાથી સુંદરતા લાગે છે શીશીર હીમંત રૂતુમાં સવારના સાત વાગ્યા સુધી ગવાય છે. ટીપ (તાર) સપ્તકમાં ગ મ સુધી જવાય, અને મંદ્ર

સપ્તકના નીથી ગતી થાય તે ઉત્તમ છે. મ સ્વર વારંવાર તેમ કંપ પણ ગ મ ને લાગે છે.

૧૪. કાન્હરો-આ રાગમા ગૅ નીં કોમળ લાગે છે, ની બન્ને પણ લેવાય છે. ટીપ-(તાર) સપ્તકમાં સાધ રણ કોમળ ગૅ સુધી ને તેથી ગે પે સુધી ઉત્તમ લાગે છે. મંદ્ર સપ્તકમા પણ પ્ થી શરૂ કરાય તે પણ ચાલે છે કોમળ ગૅ ઉપર કંપ દેવાય છે શરદ રૂતુમાં દીવામતી વખને તેમ બીજી રૂતુમાં પણ રાત્રીના આઠ સુધી ઉત્તમ લાગે છે

૧૫ ઈમન કલ્યાણ-આ રાગમાં મેં તીવ્ર લાગે છે બાકી બધા સ્વર શુદ્ધ છે મંદ્ર સપ્તકના ધ્ થી ગતી કરતા ટીપ-સપ્તકના ગે સુધી તેથી વધી મે પેસુધી પણ જવાય સાતે સ્વર લાગે છે કંપ ગ ઉપર વીશેષ લાગે છે શરદ રૂતુ તેમ દરેક રૂતુમા રાત્રીના બાર સુધી ઉત્તમ લાગે છે.

૧૬ કેદારા-આ રાગમાં આરોહમાં રી અલ્પ, ગ વર્જીત મ બન્ને આવે છે ની પણ બન્ને લેવાય છે ટીપ-(તાર) સપ્તકમા મે સુધી ગતી સારી છે તેમ મ કોમળ મુખ્ય છે તેનીજ ઉપર કંપ લાગે છે. શરદ રૂતુમા રાત્રીના બાર સુધી ઉત્તમ લાગે છે. અને મ ઉપર કપ લાગે છે સાનો અલાપ કરતાજ મ લેવાય. પછી પ ધ લેવાય છે

૧૭ બીહાગ-આ રાગમા આરોહમાં રી બાદ તેમ ધ પણ બાદ છે મ બન્ને લઈ શકાય ની પણ કવચીત બન્ને લેવાય છે. ટીપ-સપ્તકના ગે સુધી તેથી વધી પે સુધી જવાય છે, બારે માસ રાત્રીના બાર સુધી ગવાય છે

૧૮ કાફી હોરી-આ રાગ ફાગણ માસમાંજ ગાવો ઉત્તમ છે ગૅ નીં કોમળ લાગે છે, ની બન્ને પણ લેવાય છે ટીપ-સપ્તકમા કોમળ ગૅ સુધી જવાય વસત રૂતુ શીવાય બીજી રૂતુ અનુકુળ નથી.

૧૯ હીંડોલ-આ રાગમા બધા સ્વર શુદ્ધ છે. પેરંતુ મે તીવ્ર છે ટીપ-(તાર) સપ્તકમા ગ સુધી અને મદ સપ્તકના ધ થી ગતી થાય છે, આ રાગ પણ વસત અને વર્ષા બેજ રૂતુમા ઉત્તમ લાગે છે.

૨૦ મલ્હાર-આ રાગમા બધા સ્વર શુદ્ધ છે ની બન્ને લાગે છે કેવળ વર્ષારૂતુમાજ ગાવો યોગ્ય છે (નીં ધ પ મ ગ રી) તાનથી કંપ લાગે છે. રી ઉપર વીશેષ કંપ લાગે છે, આ રાગના શુદ્ધ સ્વર ગાવાથી વરસાદ વરસે છે, શીતળતા ઉત્પન્ન કરે છે, ટીપ-સપ્તકમા કવચીત કોમળ ગૅ પણ લેવાય છે.

ટીપ-સપ્તકના પે સુધી મંદ્રના નીથી ગતી કરાય છે. આરોહમાં ગ બાદ છે, અવરોહમાં ની અલ્પ છે.

૨૧. સોરઠ-આ રાગમા આરોહમાં ગ ધ બાદ છે ની બન્ને લાગે છે રી સ્વર ઉપર કંપ લાગે છે. ટીપ-સપ્તકમાં રી સુધી ગતી છે પે સુધી પણ જવાય છે, મલ્હારનો આગમ આ રાગ જણાવે છે એટલે વર્ષાઋતુ પહેલાં ગ્રીષ્મના અંતે ગાવી યોગ્ય છે. તેનો સમય જેઠ શુદ ૧૫ થી વદ અમાસ માન્યો છે,

૨૨ વસંત-આ રાગમાં આરોહમા ની બાદ જેવો છે, રી બન્ને પણ લાગે છે, આરોહમા મ ધ નો લાગ લેવાય છે, અવરોહમાં પ સ્વર વારંવાર શોભા ખાતર લેવાય છે, તીવ્ર મે પણ લેવાય છે કેવળ વસત ઋતુમાંજ ગાવો યોગ્ય છે. ટીપ (તાર) સપ્તકમાં કોમળ રીં સે પે સુધી પણ જવાય છે.

૨૩. અડાણો કાન્હરો-આ રાગમાં સારંગ, કાન્હરો. વધારે પ્રદર્શીત થાય છે.

૨૪. નાયકી કાન્હરો-આમાં ખમાચ, કાન્હરો મળેલા દેખાય છે.

૨૫ વાઘેશ્રી કાન્હરો-આ રાગમાં પ બાદ હોવાથી મ ધ નો લાગ લેવાથી સ્વરૂપ પ્રકાશે છે. આમાં માલકોશ, કાન્હરો મળેલો દેખાય છે

જયજયવંતી-આમાં સોરઠ, કાન્હરો, બીહાગ પ્રકાશ થાય છે

૨૭. માલવ-આ રાગમ. બીલાસમાં મ કોમળ લેવાથીજ પ્રકાશે છે.

૨૮. રાયસો-આ રાગમા આશાવરી કાન્હરો મળેલા દેખાય છે

૨૯. નુર સારંગ-આ રાગ સારંગ રાગના વાદી સંવાદી સ્વરને ફેરવી બીજા સ્વરને વાદી સંવાદી કરવાથી નામ પડે છે. જેમ વૃંદાવની સારંગ વીગેરે.

૩૦. સામંત સારંગ-આ રાગમા સોરઠ તેમ સારંગનો મીલાપ લાગે છે.

નોટેશન સબંધી સુચના.

૧. સ઼ા રી઼ ગ઼ મ઼ પ઼ ધ઼ ની઼ જ્યા સ્વર નીચે ૑ લીટી કરી હોય તેને મંદ એટલે નીચેની સપ્તકના સ્વર જાણવા.

૨. સા રી ગ મ પ ધ ની આમ નીશાની વગર હોય તે મધ્ય સપ્તકના સ્વર જાણવા

૩. સો રી ગે મે પે ધે ની આમ સ્વરના માથા ઉપર ´ લીટી હોય તેને ટીપ (તાર) સપ્તકના સ્વર જાણવા.

૪ સા રીઁ ગઁ મ પ ધઁ નીઁ આમ સ્વર ઉગર ⌣ હોય તો કોમળ સ્વર જાણવા.

૫. મિ આમ મ ઉપર ⌢ હોય ત્યાં.તીવ્ર મ જાણવો.

૬. ગાયન (કીરતન) ની નીચે તાલની માત્રા લખવી. માત્રા ઉપર તાલ લખવો જોઇલો છે. તેની ઉપર ૦ આમ મીંડુ મુકેલું છે. તે સમની નીશાની જાણવી. માત્રા ઉપર બીજા સાદા તાલને ખાલી પણ લખેલી છે.

૭. નોટેશનમાં જ્યા એક માત્રામાં બે સ્વર કે ત્રણ કે ચાર સ્વર લેવાના હોય તથા બધા સ્વરને માથા ઉપરજ ⌒ આમ કૌંસથી જોડી દીધા છે.

૮. નોટેશનમાં જ્યાં એક માત્રામા ગાયનના એક બે ત્રણ અક્ષર લેવાના હોય, ત્યાં તે સેગા લખ્યા છે.

૧ ભૈરવ તાલ આડચોતાલ.

લાલન જાગો હો ભયો ભોર–ટેક લાલન૦
દુધ દહીં પકવાન મિઠાઇ,
લીજે માખન રોટી ઓર–ટેક લાલન૦

વીકસે કમલ વીમલ બાવી સબ,
બોલન લાગે પછી ચહુ ઓર,
રસીક પ્રીતમકો પહત નન્દ રાની,
ઉઠ બેઠો હો નન્દ કીશોર–ટેક લાલન૦

૦
૧ ૨ ૩ ૪

૧	૨	૩	૪	૫	૬	૭	૮	૯	૧૦	૧૧	૧૨	૧૩	૧૪
										લા	૦	લ	ન
										ગ	૦	મ	પ
જા	૦	૦	૦	૦	૦	ગો	૦	૦	૦	હો	૦	ભ	યો
ધં	૦	૦	૦	૦	૦	પ	૦	૦	૦	ગ	૦	મ	પ
ભો	૦	૦	૦	૦	૦	ર	૦	૦	૦	–ટેક			
મ	૦	ગ	૦	રીં	૦	સા	૦	૦	૦				
										દુ	૦	ધ	દ
										મ	૦	પ	ધં
હીં	૦	૦	૦	૦	૦	પ	૦	ક	૦	વા	૦	ન	મિ૰
ની	૦	સાં	૦	રીં	૦	ની	૦	ગાં	૦	ધં	૦	ની	સાં
ઠા	૦	૦	૦	૦	૦	ઇ	૦	૦	૦	લી	૦	જે	૦
રીં	સાં	ની	૦	ધં	૦	પ	૦	૦	૦	મ	૦	મ	૦

આ ૦ પ ૦	ખ ૦ ૦ ૦ પ ૦ ૦ ૦	ન ૦ ૦ ૦ પ ૦ ૦ ૦	રો ૦ ટી ૦ ધ ૦ ની સાં
ઓ ૦ ની ૦	૦ ૦ ૦ ૦ ધ પ મ ૦	ર ૦ ૦ ૦ ગ ૦ ૦ ૦	—૨૬ લા ૦ લ ન મ ૦ પ પ
			બી ક સે ૦ મ મ ગ ૦
ક ૦ ગ ૦	મ ૦ ૦ ૦ ગ ૦ ૦ ૦	લ ૦ ૦ ૦ રી ૦ ૦ ૦	વી મ લ ૦ સા રી ગ ૦
૦ ૦ ગ ૦	ની ૦ ૦ ૦ મ ૦ ૦ ૦	સ ૦ બ ં પ ૦ પ ૦	ઓ ૦ લ ન મ ૦ મ મ
લા ૦ ગ ૦	૦ ૦ ૦ ૦ રી ૦ ૦ ૦	ગે ૦ ૦ ૦ સા ૦ ૦ ૦	પ છી ચ હું સા ગ મ પ
ઓ ૦ ધ ૦	૦ ૦ ૦ ૦ પ મ ગ રી	ર ૦ ૦ ૦ સા ૦ ૦ ૦	
ઃ			ર સી ક શ્રી ધ ધ પ ધ
